મે ૨૦૧૮

# દાદાવાણી

કિંમત ૨૫

હવે આપણે જો **મોક્ષે** જવું હોય તો
પ્રજ્ઞાને **સિન્સિયર** રહો.
કર્મનો ઉદય ઢસેડી જાય તોય
આપણે આ બાજુનું રાખવું.
**નદી આ બાજુ ખેંચે ને આપણે છે
તે કિનારે જવાનું જોર રાખવું.**



વર્ષ : ૨૩, અંક : ૯
સળંગ અંક : ૨૭૩
**મે ૨૦૧૮**

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦**

**Editor : Dimple Mehta**
**Printer & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City,
Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.
**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City,
Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.
**Published at**
**Mahavideh Foundation**
Simandhar City,
Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.
**કુલ ૨૮ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૧૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૨૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## છૂટવાના લક્ષે સિન્સિયારિટી

### સંપાદકીય

સિન્સિયારિટી અને મોરાલિટી એ મોક્ષનું કારણ છે. આ અક્રમ જ્ઞાન પ્રાપ્ત થયા પછી બેઉ ગુણો સંપૂર્ણપણે ઉત્પન્ન થાય એવા છે. હવે આપણને બધે સિન્સિયર રહેવાના ભાવ થવા જોઈએ. ધીમે ધીમે એ શક્તિ ખીલવવાની છે.

હવે આપણે શુદ્ધાત્મા થયા એટલે અહંકારનું રક્ષણ કરવા જેવું નથી. બધી રીતે એ નુકસાનકર્તા છે, એવું જાણી લેવા જેવું છે. અહંકાર પોતે રક્ષણ કરી લે એવો છે. એકાદ વખત પણ દોષનું ઉપરાણું લીધું તો સિન્સિયારિટી નથી. દોષનું ઉપરાણું લીધું માટે શુદ્ધાત્મા રહ્યો નહીં.

વિધિ કરતી વખતે 'હું શુદ્ધાત્મા છું', 'હું શુદ્ધાત્મા છું' બોલીએ છીએ તો પછી શુદ્ધાત્માનું રક્ષણ કરવાનું કે બીજી બાજુનું (દોષોનું, અહંકારનું, ચંદુનું) ? શુદ્ધાત્મા તરફ વળ્યા નહીં અને જ્ઞાનીનેય છેતર્યા. હવે આપણે મોક્ષે જવું છે, એટલે પ્રજ્ઞાને સિન્સિયર રહેવાનું.

દાદાને સિન્સિયર કેવી રીતે રહી શકાય ? આજ્ઞા પાળવાથી. આજ્ઞા તો બહુ મોટી વસ્તુ છે. જ્ઞાની પુરુષની કૃપા-આજ્ઞા અને પોતાના નિશ્ચય પ્રત્યે સિન્સિયારિટી એનાથી બધું ફેરફાર થઈ શકે. દાદા કહે છે કે એના અમલમાં, દાદાથી એક અભિપ્રાય જુદો નહીં રાખવાનો. પોતાની સમજણને તો બાળીને ભસ્મિભૂત કરી નાખવાની. પોતાની સમજણ જ જ્ઞાનીથી જુદો પાડે. સિન્સિયર એટલે ભૂલ વગરનો નહીં પણ હૃદયની એકતા, જુદાઈ ના પડવા દે.

જેટલી દાદા તરફ સિન્સિયારિટી એટલી એમની કૃપા. જેનામાં સિન્સિયારિટી અને મોરાલિટી વિશેષ હોય એનું નામ પરમ વિનય. આમાં કશી મહેનત કરવાની હોતી નથી, સમજી સમજીને નિશ્ચય સ્ટ્રોંગ કરવાનો છે. ધ્યેય માટે, દાદા માટે નિરંતર ભાવ, એ તરફનું વલણ એ જ સિન્સિયારિટી.

પરમ પૂજ્ય દાદાશ્રી સિન્સિયારિટીનો સૂક્ષ્મ ફોડ પાડતા કહે છે કે વ્યવહારના કામ કરતા કરતા 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલ્યા કરીએ એ સિન્સિયારિટી ના કહેવાય. જે બોલાય એને વાંચે એ સિન્સિયર કહેવાય. અને વાંચનાર બરોબર વાંચે છે કે નહીં એને જાણનાર હોય એટલે સંપૂર્ણ આત્મા થઈ ગયા. પરિણામે આત્મ-અનુભવનું અલાયદું સુખ વર્તે.

પ્રસ્તુત સંકલનમાં મહાત્માઓ જ્ઞાનને કેવી રીતે સિન્સિયર રહી ઝડપી પ્રગતિ માંડી શકે એના ઘણાં બધા ફોડ દાદાશ્રીએ આપ્યા છે, જે મહાત્માઓને પુરુષાર્થમાં સહાયભૂત નિવડે એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# છૂટવાના લક્ષે સિન્સિયારિટી

## રહ્યા સિન્સિયર, ધર્મ અને તેના સાધનોને

**પ્રશ્નકર્તા :** દાદા, અત્યારની આપની આ પૂર્ણ સ્થિતિએ પહોંચતા આપને કેટલા વર્ષો લાગ્યા ?

**દાદાશ્રી :** એ તો એમ ને એમ જ, બટ નેચરલ (કુદરતી) થયું હોય. એટલે જાણે ઈનામ મળ્યું હોય એવું છે બધું આ ! મેં કશી મહેનત કરી નથી. એ કરેલી પહેલા, પણ સિન્સિયર રહેલો. સિન્સિયર આખો દહાડો. ચિત્ત પૈસામાં નહીં, મમતમાં નહીં. ધર્મમાં ને ધર્મમાં ચિત્ત, અને કેમ કરીને છૂટવું એવી ઈચ્છા. સંસારથી બધી રીતે કંટાળેલો હતો. પૈસા હોવા છતાં સર્વે રીતે કંટાળેલો હતો. સંસાર ગમતો જ નહોતો. એમાં મીઠાશ આવતી જ નહોતી, કોઈ દહાડો મીઠાશ આવી નથી. આ કેરીય મીઠાશ આવે ત્યાં સુધી ખાઈએ. કેરી મીઠી હોય પણ મને પોતાને ના આવે એટલે હું જાણું મારે શું કામની ?

**પ્રશ્નકર્તા :** આપે જ્ઞાન થતા પહેલા આ વસ્તુ માટે, જ્ઞાન માટે, કોઈ સાધનોનું અવલંબન લીધેલું ?

**દાદાશ્રી :** હા, ઘણા સાધનોનું, અને સાધનોને સિન્સિયર રહેલો. તીર્થંકરોના કહેલા સાધનો છે તેને સિન્સિયર. તીર્થંકર ઉપર મને બહુ ભાવ હતો. તે આવા સાચા પુરુષો અને આવું સત્ય તે સાંભળવામાં નથી આવ્યું. એટલે તીર્થંકરો જે થઈ ગયા, તેમની વાણી અને એમની વીતરાગતા ઉપર મને બહુ ભાવ હતો. એટલે એમણે જે કહ્યા'તા ને, એ બધા જ સાધનો મેં પકડ્યા'તા.

## સિન્સિયારિટી-મોરાલિટીનો પ્રવર્તે તાપ

**પ્રશ્નકર્તા :** આપનેય પહેલાં આટલો બધો ગુસ્સો હતો, તે છતાં આજે તમે આ કક્ષાએ પહોંચી શક્યા ?

**દાદાશ્રી :** હા, ગુસ્સો તે કેવો ? ગામ બાળી મેલે એવો ગુસ્સો. જો કદી કોઈએ ભારે અપમાન કરી નાખ્યું હોય ને, તો ગામને સળગાવી મેલે. બોલો હવે, એ માણસ નર્કે જાય, કાં તો આમ ચઢે તો ઉપર ચઢી જાય ! એટલે આ બહુ વસમું ખાતું હતું. એ તો સારું થયું કે લોકોએ મારી-ઠોકીને પાંસરો કરી નાખ્યો. પાંસરો કરે કે ના કરે ?

**પ્રશ્નકર્તા :** પાંસરો કરે જ.

**દાદાશ્રી :** પણ તે મારી-ઠોકીને પાંસરો કર્યો ! એટલે હવે હુંયે લોકોને મારી-ઠોકીને (સમજાવીને) પાંસરા કરું છું. છેવટે પાંસરા તો થવું પડશે ને ?

એક જગ્યાએ તો આખું ગામ સામું થયેલું. અને હાથમાં લાકડી નહીં તોય મેં કહ્યું, 'અલ્યા શું છોકરીઓની પેઠ ઊભા રહ્યા છો ? લઢો ને !' આમ પાછું 'છોકરીઓ' બોલું, મગજમાં આધાશીશી ચઢે એવું બોલું પાછું. એ લોકોને આમ પાસે આવતા હાથ ધ્રૂજે, ગભરામણ થઈ જાય એવો તાપ લાગે. શરીરમાં કશુંય નહીં તોય તાપ એવો લાગે. તાપ શેનો ? જેની સિન્સિયારિટી ઓર છે, જેની મોરાલિટી ઓર છે, એટલે તાપ લાગે !

## ઈનસિન્સિયર નથી થયા ક્યારેય

અમે તો બહુ કડક માણસ. પહેલેથી કડકાઈ કરતા કરતા આવેલા છીએ. ભગવાન ઋષભદેવનેય ભારે પડી ગયા'તા અમે તો. અમે તો એકમતિ પકડ્યો કે અમને તો આવું જોઈએ. તમે જે આ ભરતને આપ્યું છે એ જોઈએ અમારે, બીજું ના જોઈએ. એને તેરસો રાણીઓ ને આ બીજા બધાને બાવા કરાવડાવો છો ?

અમે કડક છતાં બધા ખુશ બહુ અમારી ઉપર. કારણ કે અમારા જેવો સિન્સિયર માણસ

મળવો મુશ્કેલ છે. પહેલેથી સિન્સિયર હતા અમે, તે દહાડેથી, અનસિન્સિયર કોઈ દહાડો થયા જ નથી. અને ઓબ્લાઈઝીંગ નેચર (પરોપકારી સ્વભાવ). પહેલેથી જ અમે છીએ. આજથી નહીં, ભગવાન ઋષભદેવના વખતથી. પણ વાંકું બોલેલા તેથી અમારે આ જન્મ જન્માંતર ચાલ્યા. વાંકું એટલે આ બધા નંગોડો (કષાયો) ચઢી બેઠેલા ત્યાં. ભગવાને કહ્યું'તું કે એમની ઉપેક્ષા કરજો, તે અમે ના માન્યું.

અત્યારેય અમારે તો સાચેસાચું કહી દેવાનું કે તમે આમ, ગાઢ મિથ્યાત્વ છે તમારું, એવું કહી દઈએ. તેના આ દોષ બેઠેલા છે. તે અત્યાર સુધી હેંડ્યા. ત્યારે અમારે ઉતાવળ શું છે તે બળી ? થોડાક દુઃખ-સુખ જોઈ લીધા હોય, ત્યારે દુઃખની કિંમત થાય ને ? અને સુખની ત્યારે જ કિંમત થાય ને બા ! એમ ને એમ આપણે ત્યાં જઈએ, તો આપણને શું ખબર પડે ? પછી થાય કે લાવો, ફરી ફેરો મારી આવીશું.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આ મૂળ વસ્તુ જે ઋષભદેવ દાદાની, તે એમાં વચલા કોઈ તીર્થંકરે એમ ન કહ્યું કે મૂક ને માથાકૂટ, ચાલ મારી સાથે હવે, ત્યાં ઉપર ?

**દાદાશ્રી :** હવે તે બધાને ઉતાવળ હતી. બધા ઉતાવળિયા હતા. આમાં અમે કહ્યું કે જે થવાનું હશે તે અમારું થશે પણ અમને આ આવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, કોઈ તીર્થંકરે તમને એમ ના કહ્યું કે હવે મેલ અક્રમ માર્ગ બાજુએ ને ચાલ અમારી જોડે ક્રમિકમાં ?

**દાદાશ્રી :** ના, બીજા તીર્થંકરો પાસે અક્રમ હતું જ નહીં. ક્રમિક અમને પોસાતું નહોતું, એ ના પોસાય ! તમારો માલ અમને ના પોસાતો હોય ને તમારે મારી જોડે સોદો કરવો હોય, તો અમને જેવો જોઈએ એવો માલ તમારે આપવો જોઈએ. બજારમાંથી લાવીને તમારે આપવો પડે. તે અમે તો એવા માણસ ! આડા માણસ આખા જગતથી !

**પ્રશ્નકર્તા :** સિન્સિયરલી આડા.

**દાદાશ્રી :** બિલકુલ સિન્સિયર. ગાળો ભાંડે તેનેય સિન્સિયર. માર મારી ગયો હોય તેનેય સિન્સિયર. હંઅ.. સિન્સિયર બધી રીતે. એટલે જે સળી કરેલી, તેને લીધે અમારે આ અત્યાર સુધી બેસી રહેવું પડ્યું છે.

**પ્રશ્નકર્તા :** તે સળી કરી એને લીધે.

**દાદાશ્રી :** હવે સળી ના કરીએ. તે હવે આ અવતારમાં સળી કરવા દઈએ છીએ. જેટલી કરવી હોય તે કર.

## સિન્સિયારિટી-મોરાલિટીથી પ્રાપ્ત આ પદ

આ એક જ ભાંજગડ કે 'કોઈ નામ ના દઈ શકે.' અને એ ગયું કે આવ્યું આ પદ ! હા, આ હું જે પદ ઉપર બેઠો છું તે મારી પાસે બે જ ચીજ છે. ફુલ સિન્સિયારિટી એન્ડ ફુલ મોરાલિટી ! આ બે ચીજને લઈને આ પદ ઉપર બેઠો છું અને ભગવાનેય મને વશ થઈ ગયા છે !

## તો જીતાશે જગત ને જવાશે મોક્ષે

આ જગત જીતવાનું છે, તો જ મોક્ષે જવા દેશે. જગત જીતશો તો મોક્ષે જવાશે. જગત જીત્યા સિવાય કોઈ મોક્ષે જવા દેશે નહીં. એક માણસને તમે ઈનસિન્સિયર રહ્યા તો એ માણસ તમને પકડશે કે 'એય, કિધર જાતા હૈ ? નહીં જાને કા.' અને સિન્સિયર રહ્યા ને, તો બધા લીલા વાવટા ધરશે અને 'નો ઑબ્જેકશન સર્ટિફિકેટ' હઉ લખી આપે. એટલે એક વખત પણ સિન્સિયર થા, કોઈનેય પણ સિન્સિયર થા. જેટલી વસ્તુને તમે

સિન્સિયર એ વસ્તુને તમે જીત્યા અને જેટલી વસ્તુને ઈનસિન્સિયર છો તેટલી તમે જીત્યા નથી. એટલે બધે સિન્સિયર થાવ તો તમે બધું જીતી જશો.

દુનિયામાં બે વસ્તુ શિખવાની છે, એક તો જગતમાં કોઈનેય દુઃખ ના દેશો અને બીજું, તમારી પાસે હોય તો બીજાને આપી દેશો. સિન્સિયારિટી અને મોરાલિટી સાચવો. લોક સિન્સિયર રહેતા નથી, દગાખોર થઈ ગયા છે અને મોરાલિટી પાળતા નથી.

## સિન્સિયર રહો સિદ્ધાંતને

બાકી સિન્સિયરપણું રહ્યું નથી માણસને. મારી જોડે આપણા 'મહાત્માઓ' સિન્સિયરલી રહે છે. કારણ કે એને પોતાને લાગે છે કે સિન્સિયર ક્યાં રહેવું ? જ્યાં મારું હિત જળવાય ત્યાં રહેવું. તો ત્યાં માણસ રહી શકે છે. હિત ના સચવાય ત્યાં આગળ માણસ કેવી રીતે સિન્સિયર રહી શકે ? પણ ત્યાંય ધીમે ધીમે એ શક્તિ ખીલવવાની છે. એ સામો માણસ તો એનો ચેક વેચી ખાય, પણ આપણાથી વેચાય નહીં. 'ટીટ ફોર ટેટ' (જેવા સાથે તેવા) કરવા જઈએ તો આપણા બધા ચેક ખલાસ થઈ જાય. એ ગાળ ભાંડી જાય ને મારે સમતામાં રહેવું, એ મારો ચેક મેં વટાવ્યો નહીં કહેવાય. એને હું મારી જાતને સિન્સિયર રહ્યો કહેવાય. હું મારી જાતને, મારા સિદ્ધાંતને સિન્સિયર રહ્યો કહેવાય.

## રાખો ભાવ સિન્સિયર રહેવાના

**પ્રશ્નકર્તા :** તમારી જોડે તો બધાય સિન્સિયર રહે, પણ બહાર બધેય સિન્સિયર રહેવું જોઈએ ને ?

**દાદાશ્રી :** એ એકદમ રહેવાય નહીં ને ! પૂર્વે ભાવ કર્યા નથી, એટલે એકદમ રહેવાય નહીં. પણ હવે બધે સિન્સિયર રહેવાના ભાવ થવા જોઈએ. હવે આપણો હેતુ બદલાઈ ગયો છે. આમ ના હોવું જોઈએ, એવું આપણને લાગવું જોઈએ.

પોતે ભાવ કરીને લાવ્યો હોય તો રહી શકે. પૂર્વભવે ભાવ કર્યા હોય તો રહી શકે. હવે આ ભવમાં ભાવ કર્યા છે તે આવતા ભવે મળવાના જ છે. પણ એકદમ સિન્સિયર અને મોરલ રહી શકે નહીં આ કળિયુગમાં.

## સિન્સિયર તો દોષો નભાવી લેવાય

અમે તો એટલું જ જોઈએ કે એમની સિન્સિયારિટી છે કે નહીં, પછી છોને સો ભૂલો રહી !

સિન્સિયર માણસના સો દોષ હોય તોય નભાવી લઉં. સિન્સિયર માણસ મળવો મુશ્કેલ ! એવો મળે તો એવા માણસના સો દોષ હોય તોય નભાવી લેવા પડે. કારણ કે એ સમો થાય તો કામ થઈ જાય ને, બિચારાનું ! મારી જોડે આવે તો સમો થઈયે જાય, ઘણા ખરા થઈ જાય !

સૂવાના ટાઈમે તકિયો મૂક્યો હોય, તો તકિયાને આપણે ચકાસી જોઈએ કે એ ખસી જાય એવો છે કે નહીં. અને એ જોઈ લીધા પછી આપણે તકિયો મૂકીને સૂઈ ગયા તો એ ખસી ના જાય. જ્યારે આ જીવતા તો ખસી જાય, એના કરતા આ તકિયા સારા. એ તકિયો સિન્સિયર રહે છે, એવું સિન્સિયર જો માણસ રહે તો વાંધો નથી. પછી ભૂલો થાય ને, એ ભૂલોનો વાંધો નહીં. સિન્સિયરનો અર્થ એવો નથી કે ભૂલ વગરનો. સિન્સિયર એટલે આપણું હૃદય ને એના હૃદયનો એક જ તાર. એમાં જુદાઈ ના પડવા દે.

## ખપે પોલ વગરની સિન્સિયારિટી

હવે તું પોલ નહીં રાખું ને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** હંઅ.. દાદાને બિલકુલ સિન્સિયર રહેવું, તો મોક્ષ થાય. અહીં પણ સુખી, ત્યાં પણ સુખી.

**પ્રશ્નકર્તા :** અમે બધા દાદાને સિન્સિયર કેવી રીતે રહી શકીએ, એ બતાવો બધાને.

**દાદાશ્રી :** આજ્ઞા પાળવાથી અને દાદા કહે એ અમલમાં. દાદા કહે, એ પછી જે થવાનું હોય તે થાય. દાદા કહે નહીં બનતા સુધી અને કહે એ અમલમાં. કારણ કે એમને કહેવું-ના કહેવું એવું એમના મનમાં હોય નહીં કશું. માટે કહે એ અમલમાં. પોતાનો આત્મા છે એમ, એ જ કહેનારો.

## સિન્સિયારિટી ઓગાળે સ્વચ્છંદ

'દાદા' જોડે જુદાઈ શું રાખવાની ? સિન્સિયર એટલે 'દાદા'થી જુદાઈ રાખવાની નહીં. એક વાક્ય કે 'એક અભિપ્રાય જુદો નહીં રાખવાનો.' હું તમારી જોડે જુદો નથી, તો તમે મારી જોડે કેમ જુદાઈ રાખો છો ? એટલે અહીં પોતાની સમજણ જ જુદો પાડે ને ! એને જ સ્વચ્છંદ કહે છે ને ! એ પોતાની સમજણને બાળીને ભસ્મિભૂત કરી નાખવાની. બીજું, આ મહેનતનું ફળ તો મળશે. અહીં રોજ બેસી રહે ને, તો એને બધું એનું મહેનતનું ફળ મળવાનું. પણ 'પોઈન્ટ ઑફ વ્યૂ' (દૃષ્ટિ બિંદુ) ફેર હશે તો વાંધો આવશે. ભગવાન 'પોઈન્ટ ઑફ વ્યૂ' જુએ છે.

જ્ઞાન સ્વભાવ સન્મુખ થયેલા હોય એવા થોડાક જ માણસો હોય. આમ જ્ઞાની બેઠા છે ને જ્ઞાનીની સામે સન્મુખતા રાખવી. સન્મુખતા એટલે ભલે તમે આમ બેઠા હોય પણ, ભાવ સન્મુખતા. એ ભાવ સન્મુખતા બહુ થોડા માણસોને હોય. નાઈન્ટી (નેવું) ડિગ્રીના બહુ થોડા માણસો હોય. કેટલાક એઈટી (એંસી) ડિગ્રીના હોય, કોઈ પંચ્યાસી ડિગ્રીના હોય અને કેટલાકને તો પાંચ જ ડિગ્રી હોય, એય જ્ઞાન લેતો હોય પણ ભાવ સન્મુખતા હોવી જોઈએ.

બીજી ગાંઠોના મૂર્છાભાવને લઈને ભૂલી જાય છે. પછી સમજણ પાડીએ તો પાછો કહે, 'હા, સમજ્યો.'

**પ્રશ્નકર્તા :** એટલી સન્મુખતા ઓછી ?

**દાદાશ્રી :** ના, સન્મુખતાય હોય, પણ આટલી ગાંઠો પાછી નડતી હોય ને સન્મુખતા હોય તોય હલાવી નાખે.

## સન્મુખતા એટલે સિન્સિયારિટી

**પ્રશ્નકર્તા :** દાદા, સન્મુખતા એટલે જાગૃતિ કહેવાય ?

**દાદાશ્રી :** હા, એ જાગૃતિ. એટલે જાગૃતિ તો હોતી નથી બહુ, પણ સન્મુખતા એટલે પોતાની સિન્સિયારિટી. અમે આપીએ છીએ ને એ જ્ઞાન લે છે, એ એની સિન્સિયારિટી. આત્મજાગૃતિ તો બધા લાવે ક્યાંથી ? સંસારી જાગૃતિ તો એમેય મનુષ્યોને હોય છે જ. જીવ કંઈ અજાગૃત નથી, પણ એને જાગૃતિ બધી સંસાર અપેક્ષામાં હોય છે. એના ધંધામાં, એના વ્યવહારમાં જાગૃતિ પેસી ગયેલી છે. એટલે આમાં જાગૃતિ હોય નહીં, પણ સિન્સિયારિટી. અમે જે જ્ઞાન આપીએ છીએ ને, તમારી સિન્સિયારિટી તેમાં શબ્દે શબ્દ ચૂકો નહીં ને તેમાં જ એક્ઝેક્ટનેસ બધીય. અહીં કેટલાક તો ઊંઘી ગયેલા હોય, તે મારે ફૂલ નાખીને જગાડવા પડે છે. અલ્યા ભાઈ, જાગ ને, બા ! કો'ક દહાડો આ જ્ઞાન મળવાનું ત્યારે તું ઊંઘતો હોય. કારણ કે આ જ્ઞાન મળે ને, તો 'હું શુદ્ધાત્મા છું', 'અનંત શક્તિવાળો છું', 'અનંત સુખધામ છું' એવું બોલે, થોડી વાર પછી પેલું મહીં જરા આનંદ થાય ને, એટલે ઊંઘી જાય જરા.

## વ્યવહારમાં સિન્સિયારિટી શાના આધારે ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ બાજુની સિન્સિયારિટી

રાખવા જતા જગતના વિષયમાં સિન્સિયારિટી ઓછી થઈ જાય તો ચાલે ?

**દાદાશ્રી :** ના, એવું કશું છે નહીં. જગતનામાં તો સિન્સિયર રહેવાની જરૂર જ નથી. એ જગત પોતે સિન્સિયર જ હોય છે તમને, તમે ઈનસિન્સિયર કરો છો એને. એક દાખલો આપું. એક માણસને આજે ડૂબકી મારીને મરી જવું છે, તો દરિયો ઈનસિન્સિયર હોય ખરો ? તું જ્યારે જે વખતે ડૂબકી મારું તો આમ તૈયાર તે, એવી રીતે આ સંસાર તમારા માટે બધી જ રીતે તૈયાર છે. એટલે તમારે સિન્સિયારિટી ત્યાં તો રાખવાની જરૂર જ નથી. ત્યાં તો પરસત્તા છે. એટલે ત્યાં તમારી જે સિન્સિયારિટી રહે છે ને, તે પરસત્તાને આધારે રહે છે.

## સમજીને રહો સિન્સિયર

નિરંતર સમાધિ રહે એવો માર્ગ, એમાં વ્યાકુળ કેમ થાય ? હા, એને પોઈન્ટ ટૂ પોઈન્ટ જાણવું જોઈએ. નહીં તો શિયાળાને દહાડે લાઈટનું બટન દબાવીએ તો પંખો ચાલુ થઈ જાય. એટલે પોઈન્ટ ટુ પોઈન્ટ બધું સમજવું પડે.

**પ્રશ્નકર્તા :** સમજવાની તૈયારી જોઈએ ને પોતાની ?

**દાદાશ્રી :** ના, બીજી કશી તૈયારી નહીં. બસ, અમે કહ્યું છે તે જ, એને સમજવાનું. એમાં અમને સિન્સિયર રહે એટલું જ, બીજી કશીય તૈયારી નહીં. તૈયારી તો મજૂરી કરવાની હોય, નોકરી કરવાની હોય ત્યારે તૈયારી જોઈએ, આમાં તૈયારી હોતી હશે ? સમાધિ માર્ગ હાથમાં આપ્યા પછી ? આ તો પહેલાની ટેવ છે તે પોતાનો દુશ્મન દેખાડે, તે પહેલા દુશ્મનને (દોષોને) મિત્ર માનતો હતો, હવે દુશ્મનને દુશ્મન તો માનવો જોઈએ. આપણું અહિત કરનારા દુશ્મન હોય ને, તેનાથી છેટું રહેવું જોઈએ. તેને બદલે એની મહીં તન્મયાકાર થઈ જાય, એટલે ગોટાળો થઈ જાય પાછો જરા.

**પ્રશ્નકર્તા :** પણ એ ચોંટી જવાય છે, દાદા.

**દાદાશ્રી :** ના, તોય વાંધો નહીં. ચોંટી જવાય તો દુઃખ પડે એટલું જ, બાકી મોક્ષને આંતરતું થતું નથી. સમાધિ જતી રહે એટલું જ. ચોંટી જવાય પણ આપણે ચોંટીએ શેના ? ચોંટી જાય તોય આપણે ઉખેડીએ.

**પ્રશ્નકર્તા :** પછી ખ્યાલ આવી જાય, પણ આમ....

**દાદાશ્રી :** જ્ઞાન ચોંટતું જ નથી. જ્ઞાન કોઈ જગ્યાએ ચોંટે જ નહીં, એનું નામ જ્ઞાન કહેવાય. અજ્ઞાન જ્યાં ને ત્યાં ચોંટી જાય.

## પાકો નિશ્ચય ત્યાં સિન્સિયારિટી

હવે આપણે જો મોક્ષે જવું હોય તો પ્રજ્ઞાને સિન્સિયર રહો. અને જો લટાકા-પટાકા ચાખવા હોય તો આમાં જાવ થોડીવાર. અત્યારે કર્મના ઉદય લઈ જાય એ વાત જુદી છે. કર્મનો ઉદય ઢસેડી જાય તોય આપણે આ બાજુનું રાખવું. નદી આ બાજુ ખેંચે ને આપણે છે તે કિનારે જવાનું જોર રાખવું. ના રાખવું જોઈએ કે એ ખેંચે તેમ ખેંચાઈ જવું ?

**પ્રશ્નકર્તા :** એટલે એનો નિશ્ચય જો પાકો હોય તો સિન્સિયર રહે ને ?

**દાદાશ્રી :** પાકો હોય તો જ રહેવાય ને ! નહીં તો તો પછી નિશ્ચય જ નથી, તેને શું પછી ? નદી એ બાજુ ખેંચે તે બાજુ જાય, કિનારો તો ક્યાંય રહી ગયો ! અને આપણે તો કિનારા તરફ ખેંચવું જોઈએ. નદી તો આમ ખેંચે, આપણે બાથોડિયા આમના મારવાં જોઈએ. થોડું ઘણું જે ખસ્યું એ ખરું, ત્યારે હોરુ તો મહીં જમીનમાં આવી જાય !

## સિન્સિયારિટીથી સંહિતાઓ થાય ખુલ્લી

આપણું આ સાયન્સ છે ને, તે શું કહે છે કે મને જેટલો તું સિન્સિયર એટલી તારી જાગૃતિ.

**પ્રશ્નકર્તા :** સિન્સિયર એટલી જાગૃતિ ખરી પણ વિજ્ઞાનનો અર્થ જ ના સમજાય, વિજ્ઞાન જ ના સમજાતું હોય. એ તો સૂત્રમાં જ, સૂત્રરૂપે આપી ગયા હોયને આયુર્વેદને ? તો હવે સૂત્રોની સ્પષ્ટતા માટે...

**દાદાશ્રી :** હા, એ તો અમે બધું સૂત્રરૂપે આપીએ છીએ. બધું ફોડવાર, નાના છોકરાંય સમજે એવું આપીએ છીએ. પણ જે એને જેટલો સિન્સિયર એટલી એની જાગૃતિ.

બધું સાયન્સ છે આ. જેટલી સિન્સિયારિટી એટલું જ પોતાનું. અને સિન્સિયારિટી એટલે તમારી (બધી આચાર) સંહિતાઓ ખુલ્લી થાય. વૃત્તિ હોવી જોઈએ આમાં. સિન્સિયારિટી એટલે (રિલેટિવમાં) તન્મયાકાર ના થવું જોઈએ. અને આ સંસાર એ તન્મયાકાર પ્રવૃત્તિનો માર્ગ નથી આ, રિલેટિવ છે. રિલેટિવ એટલે સુપરફ્લુઅસ. સુપરફ્લુઅસ એટલે સમજ્યા ને તમે ?

**પ્રશ્નકર્તા :** હા જી, ઉપર ઉપરથી જ બધું, બધું ઉપર ઉપરનું.

**દાદાશ્રી :** આપણે આપણી ઘેર એક પોતાની સ્ત્રી જોડે સ્ત્રી (પત્ની)પણું રાખી, અને બીજી બધી સ્ત્રીઓ જોડે 'જય સચ્ચિદાનંદ' બોલાય, 'જય જય' બોલાય, બધું બોલાય, પણ સુપરફ્લુઅસ રહેતો હોય, એમ. કેવું ? એવું બોલાય કે ના બોલાય ? બોલાય ?

**પ્રશ્નકર્તા :** બોલાય ને !

**દાદાશ્રી :** બોલાય, કેટલીક સ્ત્રીઓ એક પતિને પતિ તરીકે સ્થાપન કરી, બધાયની જોડે જય જય કરે. સુપરફ્લુઅસ જેને આવડે છે, તે બધું કરી શકે.

એટલે અક્રમ વિજ્ઞાન છે આ તો. આ તો કંઈ જેવી તેવી વસ્તુ નથી. આ જેને પ્રાપ્ત થયું એનું તો કલ્યાણ જ થઈ ગયું. પ્રાપ્ત થયું ને જેટલો સિન્સિયર રહ્યો, એટલો લાભ.

આ દાદાનું વિજ્ઞાન એવું છે કે જો એમના કહ્યા પ્રમાણે સિન્સિયરલી ચાલે તો વાર જ લાગે એવું નથી. આમ તરત રેડી, કારણ ચોવીસ તીર્થંકરોના આદેશ પ્રમાણે આખું વિજ્ઞાન છે. ચોવીસ તીર્થંકરના આદેશ જ છે આ. બોલો, એટલે બધું સરવૈયું જ આખું જ આવી ગયું ને ! તમારું કામ જ થઈ ગયું ને !

## ભાવ એ જ સિન્સિયારિટી

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એ સિન્સિયર કરવા માટે ભાવ જ કરવાનો ને ? આ આપણે એને વફાદાર રહેવાનું હોય, સિન્સિયર, તો એના માટે શું કરવાનું ?

**દાદાશ્રી :** એ ભાવ જ, બીજું શું કરવાનું આપણે ? આ જે ભાવ છે ને આપણો, એ જ સિન્સિયારિટી કહેવાય. એની (પોતાની) સિન્સિયારિટી, ધ્યેય, દાદા તરફ નિરંતર ભાવ. સિન્સિયારિટી એટલે એ તરફનું વલણ.

તમે મને સિન્સિયર થાઓ તો એક કલાકમાં મારા જેવા થઈ જાઓ.

## સિન્સિયારિટીથી પ્રાપ્ત થાય કૃપા

તને માનવાનું મન થાય કે દાદાજી કહે એ બધું ?

**પ્રશ્નકર્તા :** હા, થાય ને !

**દાદાશ્રી :** અત્યારે તને કહે કે 'દેશમાં જતો રહે', તો.. ?

**પ્રશ્નકર્તા :** નાસી જઉં.

**દાદાશ્રી :** હા, પણ નાસી જઉં. એટલે એમની ભાષા એવી, મીઠી ભાષા.

**પ્રશ્નકર્તા :** એ તમે કહો એમ, કહે છે.

**દાદાશ્રી :** ના, એવું કહેવાતું હશે ? અમે તો ટેસ્ટ (ચકાસણી) કરી જોઈએ. ત્યાં હોરો બેગ લઈને નાઠો હોય તોય પાછો બોલાવા જઈએ અમે. જતો રહે તો એનું હિત ના થાય ને ?

એ તો આજ્ઞા પાળવા તૈયાર થાય એટલે અમારી કૃપા ઊતરી ગઈ પછી ખૂબ.

અત્યારે કેટલા બધા માણસ મને સિન્સિયર છે ! એટલી આજ્ઞામાં રહે છે બધા. રાત-દહાડો આજ્ઞામાં રહેવું એ કંઈ ઓછી સિન્સિયારિટી ના કહેવાય ને ?

## તો ઊતરે ભગવાનની કૃપા

કોઈ પણ માણસ સિન્સિયર હોય ને, એની પર મને બહુ માન છે, પછી બીજા ગમે તે લક્ષણ હોય. બીજાની જોડે જરા કાચા હશે તો વાંધો નહીં. મારી જોડે જ સિન્સિયર, બહુ થઈ ગયું ! કેટલાક જોડે સિન્સિયર નાયે રહેવાય. મહીં કોઈ નાલાયક હોય તો કેમનું સિન્સિયર રહેવાય? નહીં તો એ તો ગજવા હઉ કાપી લે ! પણ મારી જોડે સિન્સિયર રહે છે ને, તે હું જોઈ લઉં. તો કૃપા ઊતરે ભગવાનની, નહીં તો કૃપા ઊતરે નહીં. જેટલી તમારી 'સિન્સિયારિટી' એટલી અમારી કૃપા. આ કૃપાનું પ્રમાણ છે.

કૃપા એટલે 'એવરી ટાઈમ (દરેક સમયે) સિન્સિયર'. નૈમિત્તિક કૃપાપાત્ર થયા સિવાય 'નિશ્ચય' પ્રાપ્ત થાય નહીં. એ તો ક્રમિક માર્ગમાંય નૈમિત્તિક કૃપા ખરી. 'અમે' તો 'સ્પેશ્યલ' કૃપા વરસાવીએ છીએ. પરમ વિનયથી 'અમારી' કૃપા ઊતરે છે. 'કમ્પ્લીટ (સંપૂર્ણ) સિન્સિયારિટી' એકલી જ જોઈએ.

## પરમ વિનયમાં સમાય સિન્સિયારિટી-મોરાલિટી

**પ્રશ્નકર્તા :** પરમ વિનય એ સમજાવોને, દાદા.

**દાદાશ્રી :** જેમાં સિન્સિયારિટી ને મોરાલિટી વિશેષ હોય. સિન્સિયારિટી ને મોરાલિટીનું-બેનું મિક્ષ્ચર હોય સંપૂર્ણ. અને એકતા હોય, જુદાઈ ના લાગે, ત્યાં શક્તિ હઉ ઉત્પન્ન થઈ જાય. રાત્રેય જુદું ના લાગે. દાદાનું એક જ છે એવું લાગ્યા કરે, વધતું જાય. બાકી તમે મને ગાડીઓમાં ફેરવો કે તમે આમ ફેરવો, તેમ ફેરવો, કશું વળે નહીં. વળે, પણ એનો લાભ પેલા જેવો ના હોય, પરમ વિનયની જરૂર છે. પરમ વિનય સમજવું બહુ બહુ અઘરું છે. એનો એસે (નિબંધ) અર્થ લખી લાવવો હોય ને, બહુ મોટો એસે થાય. એકલા પરમ વિનયને લઈને અહીંયા કાયદા વગર ચાલે છે આ બધું. બાકી આટલું બધું માણસ છે, પણ કોઈ દહાડો કાયદો નથી હોતો. એક પરમ વિનય કહેલું છે, કે પરમ વિનયમાં રહેવાનું છે. પછી કાયદાની જરૂર પડી નથી.

પરમ વિનયથી અમારી કૃપા ઊતરે છે. કમ્પ્લીટ સિન્સિયારિટી એકલી જ જોઈએ. સિન્સિયારિટીની જ જરૂર છે, બીજું કશું નહીં. મોરાલિટી અને સિન્સિયારિટી જ હું ખોળું છું. મોરલ અને સિન્સિયર, આ બે જ ખોળું છું. મારે બીજું કશું જોઈતું નથી. પછી ગમે તે કપડાં પહેરો કે ગમે તે ખાતા હોય, મને વાંધો નથી.

હા, આ જુઓને, તમે કેવા અમને સિન્સિયર રહ્યા ! આ અમને નિરંતર સિન્સિયર રહે છે. અમે ભગવાનને સિન્સિયર રહીએ છીએ, એ અમને રહે છે. પછી એકનું એક જ થયું ને!

## જેટલો સિન્સિયર એટલી રક્ષા

આ કળિયુગ છે, દુષમકાળમાં શી રીતે

માણસ જીવે ? માણસને જીવવાનો વાંધો છે, પૈસા હોય તોય જીવવાનો વાંધો છે. એક માણસ ખરાબ મળ્યો હોય ને તે આખી જિંદગી ઊંઘવા ના દે. અત્યારે કેટલા બધા માણસમાં જીવવાનું ? કોણ બચાવનાર ? કેટલા બધા માણસોમાં જીવવાનું ?

**પ્રશ્નકર્તા :** એ જાગૃતિ, પાંચ આજ્ઞા જીવાડે.

**દાદાશ્રી :** હા, જ્યારે આ આવું (કર્મના ઉદયે વાંકો સંજોગ) આવે, તે ઘડીએ તો પોતે પ્રગટ થઈ જાય. છોડે નહીં ને ! આડે દહાડે તમારું ચિત્ત વેપારમાં હોય. પણ એકદમ અચાનક છે તે, કોઈના તરફથી એક ઉપાધિ આવી પડી કે તમે શુદ્ધાત્મા થઈ જાવ. કારણ બહારની બળતરા સહન ના થાય એટલે પોતાના દેશમાં જ ઊભા રહે. તે આ દુનિયામાં મરણ જેવી ઉપાધિ આવે ત્યારે તો હપૂચો ઘરમાં જ પેઠો હોય, એવું આ વિજ્ઞાન છે આપણું.

એટલે આરપાર નીકળી જવું એ બહુ મુશ્કેલ છે, વસમો કાળ આવી રહ્યો છે. એક ભઈ કહેતા'તા, મેં રૂપિયા સાંઈઠ હજાર આપ્યાને ! તરત જ પેલો કહે છે કે તમે મને આપ્યા છે જ ક્યાં ? પૂછ્યું ત્યારે પાવતી માગી. ત્યારે કેવો કાળ આવ્યો છે ! આવા તો કંઈક લફરાં થાય !

**પ્રશ્નકર્તા :** દાદા, આ તો બહુ સાદી, નાની વાત છે.

**દાદાશ્રી :** નાની વાત કહી પણ આમાં બીજી વાતો તો એટલી બધી છે કે મોટો ઈતિહાસ લખાય એવી. અને તેવા કાળમાં પછી બચી રહેવું !

**પ્રશ્નકર્તા :** આ દાદા પાસે આવ્યા પછી એ હોવા છતાં પણ આનંદથી ટકી રહેવાય.

**દાદાશ્રી :** હું પાડોશમાં બેઠો છું દાદા ભગવાનની, મારી પાડોશમાં તમે બેઠા છો અને દાદા મારી એટલી બધી રક્ષા કરે છે, તો પછી તમારી કેમ ના કરે ? બધાની કરે. હું કહું છું કે બધાની કરજો.

અને પાછી રક્ષા થાય, આ દાદા નિરંતર ચોવીસેય કલાક રક્ષા કરે. જેટલો સિન્સિયર એટલી રક્ષા. એમને એવું કહેવું નથી કે તમારે સિન્સિયર જ થવું જોઈએ. તમારે રક્ષા જોઈએ તો એટલા સિન્સિયર રહો.

## સિન્સિયારિટી, તેટલી આલોચના

મને સિન્સિયર ને મોરલ રહે છે, માટે મોક્ષ થશે બધાનો. એકની જોડે સિન્સિયર ને મોરલ રહે તોય બહુ થઈ ગયું. મારી પાસે તો બધા સાચું રડે છે, જેવું હોય તેવું કહી દેવાના. જાતે (પોતે પોતાનું) જાણતા હોય તેના કરતાંય વધારે કહી દે છે. ત્યારે કેટલું બધું ખુલ્લું થાય છે અહીં આગળ ! એટલે મને તો બધા સિન્સિયર રહે છે. જ્યારે એ આલોચના કરે છે ને, તે બધું કહી દે છે. હવે એક જ ફેરો ક્લિયર (ચોખ્ખી) આલોચના થઈ હોય તો માણસ ઘણા રોગોથી મુક્ત થઈ જાય. કારણ કે કોઈ અવતારમાં આ નથી કર્યું એણે. સર્વસ્વ કર્યું છે, પણ આ નથી કર્યું.

**પ્રશ્નકર્તા :** દાદા, જ્યારે મારા દીકરો તમારી પાસે આવ્યો, તે વખત એનો સ્વભાવ બહુ આકરો હતો, પછી શાંત થઈ ગયો.

**દાદાશ્રી :** હા, પછી શાંત થઈ ગયો. પછી તો જેમ જેમ આવે છે, તેમ તેમ ડહાપણ વધતું જાય છે.

કારણ એ દિલનો બહુ સાચો માણસ. મારી પાસે બધું કબૂલ કરે ને બિચારો ! બધા ગુના કબૂલ કરી દે મારી પાસે, એટલે પછી હું હાથ ફેરવી આપું ત્યારે એને શાંતિ થાય, કે હું છું, તું ગભરાઈશ નહીં કોઈ જાતનું. એ તો એના અમુક સ્વભાવને લઈને, બાકી એ સારો માણસ છે.

## જરૂર સિન્સિયારિટીની, નહીં દેખાવની

**પ્રશ્નકર્તા :** બસ, દાદા આપની કૃપા. આપ કૃપા રાખજો અમારા ઘર પર.

**દાદાશ્રી :** એ બરાબર છે, પણ એ છોકરાંઓએ અમારી સેવાય બહુ સારી કરી છે. અમને રાજી રાખ્યા છે.

એ છોકરાંઓ બધા સારા ખાનદાન ! અમે ખાનદાન ખોળીએ. ખાનદાન એટલે શું ? સિન્સિયર હોવા જોઈએ. ઉપર દેખાવ કરે ને મહીં કશું પોલંપોલ હોય. અમારે ઉપરના દેખાવની જરૂર નહીં, અમારે તો સિન્સિયારિટીની જરૂર. પણ એકેએક છોકરો સિન્સિયર બધે.

એક રાજીપો અને બીજું સિન્સિયારિટી, આ બે જ હોય તો બધું જ પ્રાપ્ત થાય એવું છે. બાકી આમાં મહેનત કરવાની કશી હોતી જ નથી.

## જ્ઞાની ચરણે પ્રાપ્ત કૃપાફળ

**પ્રશ્નકર્તા :** તમારી પરમ કૃપા મેળવવા માટે શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** આ જ, બીજું શું કરવાનું ? આ જ કરવું જોઈએ. જગતને વિસ્મૃત કરી અને જ્ઞાનીના ચરણમાં બેસી રહેવું જોઈએ. એ અત્યારે વિસ્મૃત જ છે ને ! તમે બધા લોકોએ સમજી લીધું છે. એમના જ ચરણોમાં બેસી રહ્યા છો ને ! એ જ કરવાનું. બીજું જ્ઞાની પુરુષને કશું જોઈતું ના હોય અને કશું જોઈતું હોય એ જ્ઞાની નહીં. ઊલટું તમે તો દુખિયા હતા, એટલે અમે તમારું દુઃખ કાઢવા આવ્યા છીએ. અમે દુઃખ આપવા નથી આવ્યા. એટલે આ જ્ઞાનીના ચરણમાં જેટલું બને એટલું પડી રહેવું. જો અત્યારે આખો દહાડો પડી રહે છે, કેવા મુક્ત ! મહીં આનંદ થાય છે ને ! કોઈ કહે કે આજ ત્યાં તમે જો સત્સંગમાં જશો તો બસ્સો-બસ્સો ડૉલર દંડ કરીશું. તોય તમે કહો, 'મૂઆ, આ દંડ ભરીશું પણ આ (સત્સંગ) પહેલો.' કારણ કે આવો તાલ ક્યાં બેસે ?

## જેટલી સિન્સિયારિટી, તેટલી કૃપા વધુ

**પ્રશ્નકર્તા :** દાદા, અત્યારે તમે હાજર છો અહીંયા અમેરિકામાં પણ તમે અહીંયાથી ઈન્ડિયા જાવ પછી અહીંયા તમારી હાજરી ના હોય, ત્યારે તમારા ચરણોમાં રહેવા માટે, પરમ કૃપા મેળવવા માટે અમારે શું કરવું ?

**દાદાશ્રી :** સૂક્ષ્મભાવ સાથે સાંધો કરવાનો.

**પ્રશ્નકર્તા :** કેવી રીતે કરવાનો, દાદા ?

**દાદાશ્રી :** એ તો કરો જ છો ને તમે ! જે કરો છો એ બરોબર છે. જેટલું વધારે સિન્સિયારિટીથી કરો, જેટલી સિન્સિયારિટીથી વધારે કરો એટલું ઑલરાઈટ (બરાબર). કારણ કે હાજર, ભેગા થયેલા હોય તેને સૂક્ષ્મભાવ કામ કરે. ભેગા જ ના થયેલા હોય એને ? ભેગા થયેલા હોય એને રાજીપો પ્રાપ્ત થયેલો હોય, એમના આશીર્વાદ ઊતરેલા હોય. એમણે હાસ્ય જોયેલું હોય.

**પ્રશ્નકર્તા :** દાદા, આજ્ઞામાં વધારે રહીએ એ વધારે ફળ આપે ?

**દાદાશ્રી :** એ તો વાત ઉત્તમ જ છે. આજ્ઞામાં રહે તો બીજું કંઈ કરવાની જરૂર નહીં. પણ આજ્ઞામાં રહેવાય એવું નથી, એટલે આ બીજા બધા સાધન જોઈએ. એક પણ આજ્ઞામાં પૂરું રહેવાય નહીં ને ! નહીં તો આ જ્ઞાનમાં તો આ વર્લ્ડમાં કોઈ ચીજની જરૂર જ નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે ઈન્ડિયામાં હોવ ત્યારે અહીંયા અમે નિદિધ્યાસન કરીએ કે ભેગા મળીને સત્સંગ કરીએ અને આપ્તવાણી વાંચીએ, એ બધું સૂક્ષ્મભાવ કહેવાય ?

**દાદાશ્રી :** પણ એમાં સિન્સિયારિટી જોઈએ. સિન્સિયારિટીથી વધતું જતું હોય છે.

## વૈજ્ઞાનિક ફોડ સિન્સિયારિટીનો

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલવું છે એવું હોવું જોઈએ, પણ આપણને અંદરથી નથી કરવું એવું હોય, તો ત્યાં આપણી સિન્સિયારિટી કેવી રીતે ડેવલપ કરવી (વિકસાવવી) ?

**દાદાશ્રી :** સિન્સિયારિટી એટલે શું ? એક માણસ શાક સમારે અને 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલ્યા કરે છે, એ સિન્સિયારિટી ના કહેવાય. સિન્સિયારિટી તો એ જે બોલ્યા કરે, એને એ વાંચ્યા કરે અને વાંચેલું ખરેખર વાંચે છે કે નહીં, એનો જોનાર રહે પોતે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે અંદરથી વાંચવું જોઈએ ને પછી તેનું શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** બરોબર વાંચે છે કે નહીં તે જાણવું જોઈએ. એટલે બોલનાર છે, વાંચનાર છે અને જાણનાર છે. જેટલું જાણનારમાં રહ્યો એ સિન્સિયારિટી, વાંચનારમાં આવ્યા એ સેકન્ડ (બીજું) અને આ થર્ડ (ત્રીજું). આ ત્રણેય ક્લાસવાળા સ્ટેશને પહોંચવાના. પણ અંદરનું સુખ જુદું જુદું હોય, પેલું અપર (ઊંચા) ક્લાસનું સુખ હોય.

**પ્રશ્નકર્તા :** જે સૂક્ષ્મ રીતે જોનાર છે તે જુએ છે કે આ વાંચતો નથી બરાબર, તો શું કરવું ?

**દાદાશ્રી :** ના, કશું કરવાનું નહીં. વાંચતો નથી બરોબર એ તમે જાણો છો ને, તો તમે ફર્સ્ટ (પ્રથમ) ક્લાસમાં છો. એ બરાબર વાંચે છે કે નથી વાંચતો એ તમે જાણનાર છો. પછી તમે વાંચો છો ને એ બોલે છે, એ સેકન્ડ ક્લાસમાં છે. અને વાંચતા નથી ને તમે બોલો છો એ થર્ડ ક્લાસમાં. ત્રણેવ એક જ સ્ટેશને પહોંચવાના પણ સુખ જુદા જુદા હોય ત્રણેયના.

**પ્રશ્નકર્તા :** તો દાદા, એ બધા જુદા જુદા સુખ કયા હોય ? કેવી રીતે જુદા સુખ ભોગવે ?

**દાદાશ્રી :** પેલું સંપૂર્ણ સમાધિ સુખ વર્તતું હોય. જોનાર છે ને, એટલે તમે સંપૂર્ણ આત્મા થઈ ગયા અને વાંચનાર રહ્યા એ સિન્સિયારિટી અને વાંચેય નહીં એ સિન્સિયારિટી નહીં.

## અભ્યાસથી વધે શુદ્ધતા

**પ્રશ્નકર્તા :** આપણે હમણાં વાત કરીને કે 'બોલે, પછી વાંચે અને વાંચે એને જુએ.' પણ વંચાતું ના હોય તો બોલે એને સાંભળે અને સાંભળનારને જુએ, એ પણ સિન્સિયર કહેવાય ?

**દાદાશ્રી :** આ જોનાર એ વધારે સારું છે. બધી ડિઝાઈન તો ખરી પણ આના જેવો લાભ નહીં. વાંચે તો બહુ સારું. પછી એને આગળ વાંચવાનું થઈ ગયું અને એ સિદ્ધિ થઈ જાય વંચાતી. એટલે પછી એને જાણવાની ક્રિયા કરવી કે કેટલું વંચાય છે, કેવું ને કયું ? અને એની આગળ પછી સિદ્ધિ રહી નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, પણ જ્યારે સાંભળીએ છીએ ને ત્યારે, અત્યારે આ સ્ટેજ ઉપર સાંભળવામાં એકાગ્રતા વધારે રહે છે વાંચવા કરતા, તો એ સાંભળવા પરથી પછી વાંચવા પર આવવું જોઈએ ?

**દાદાશ્રી :** વાંચવાનું બહુ હેલ્પફુલ (મદદગાર) છે. એ તો પ્રયત્ન કર્યો નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે વાંચવાનું કહો, એ મનમાં વાંચે તેની વાત કરો છો ને ? આંખમાં આમ જોઈને, મનમાં શબ્દો દેખાય તે રીતે તમે કહો છો ને ?

**દાદાશ્રી :** અહીં વાંચીએ છીએ ને તે દેખાય.

'નમો ભગવતે વાસુદેવાય..' મોટા અક્ષરે દેખાય આમ, સરસ અક્ષરે.

**પ્રશ્નકર્તા :** એમાં પછી વાર લાગે. એટલે દસ મિનિટમાં દસ વાર 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલાય.

**દાદાશ્રી :** વાર લાગે તેનો વાંધો નહીં. ઉતાવળ કરવાની કંઈ જરૂર નહીં, પણ પ્યૉરિટી (શુદ્ધતા) જોઈએ. જેટલું જોઈએ એટલી પ્યૉરિટી.

**પ્રશ્નકર્તા :** આ અક્ષર દેખાવાની પ્યૉરિટી જોઈએ ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** દાદા, એ આ પ્યૉર થયેલું હોય તો જ આવે ને ? તદ્દન શુદ્ધ થયેલું હોય તો જ વંચાયને અંદરથી ?

**દાદાશ્રી :** ના. એટલે કેટલું વંચાય છે એ જોવું અને ધીમે ધીમે અભ્યાસ કરશો તો અંદર શુદ્ધ થતું જશે, નહીં થયું હોય તો એ કરશો એટલે શુદ્ધ થઈ જશે આ.

લાખો અવતારે જે પ્રાપ્ત કરવાનું છે, એ આપણે એક અવતારમાં પૂરું કરવાનું છે. અનંત અવતારની ખોટ એક અવતારમાં વાળવાની છે. એટલે આપણે દાદાના કહ્યા પ્રમાણે વધારે વર્તવું પડે. અને માર્ગ સરળ છે, સુગમ છે, સહજ છે !

## આજ્ઞા પાલને થાય બધું શુદ્ધ

**પ્રશ્નકર્તા :** આપણે જન્મીએ છીએ ત્યારથી જ મન-વચન-કાયાની બેટરીઓ લઈને જ આવીએ છીએ અને એ ડિસ્ચાર્જ થાય છે. એટલે એ જે બેટરીઓ ભરેલી છે, એ પ્રમાણે વાણી નીકળે છે. તો વાણી શુદ્ધ કરવી હોય તો શું કરવું ?

**દાદાશ્રી :** બરોબર છે.

**પ્રશ્નકર્તા :** દાદા, એનો રસ્તો આપે એ બતાવેલો કે જ્ઞાનીની આજ્ઞાથી તમે મૌન પાળો તો વાણી સુધરે, તો એ કેવી રીતે, જરા સમજાયું નહીં.

**દાદાશ્રી :** એ જ્ઞાનીની આજ્ઞાથી. જ્ઞાની એટલે એમને કોઈ કર્તાભાવ નથી. એટલે જ્ઞાનીની આજ્ઞા એક એવી વસ્તુ છે કે એમની આજ્ઞાથી બધું ફરે.

**પ્રશ્નકર્તા :** જે ચાર્જ થયેલું છે એ ફરે ?

**દાદાશ્રી :** બધું ફરે. મારું ના ફરે પણ મારી આજ્ઞાથી બધું ફરે.

**પ્રશ્નકર્તા :** આ બહુ મોટી વાત છે દાદા, કે ચાર્જ થયેલું ફરે.

**દાદાશ્રી :** હા. તે ચાર્જ થયેલું તેને ફેરવી નાખે તેનું નામ જ જ્ઞાનીની આજ્ઞા.

**પ્રશ્નકર્તા :** હં... ચાર્જ થયેલું ફરે એ તો બહુ મોટી વાત થઈ ગઈ !

**દાદાશ્રી :** બહુ મોટી વાત કહેવાય.

**પ્રશ્નકર્તા :** દાદા, ચાર્જ થયેલું ફરે, જે વાણી છે એ ફરે, તો પછી એવી રીતે વર્તનેય ફરે ?

**દાદાશ્રી :** બધું જ ફરે, આજ્ઞાથી શું ન થાય ? પણ તે અમુક જાતનું વર્તન વાર લાગે. કઢંગુ વર્તન હોય તો વાર લાગે. બાકી બધું જ ફરે. આજ્ઞા તો બહુ મોટી વસ્તુ છે. કારણ કે એના માલિક વગરની વસ્તુ છે એ આજ્ઞા.

## અહંકારીનું પણ બદલાય એના તપોબળે

જેમ અહંકારી માણસ તેની (વાણીની) ટેપો ફરે છે થોડી થોડી. આ અજ્ઞાનીની અજ્ઞાનતામાં ટેપો ફરવાની.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનતામાં ટેપો ફરે ?

**દાદાશ્રી :** હાસ્તો. એવું અજ્ઞાનથી તે કરે એટલે ટેપો તો ફરે ને ?

**પ્રશ્નકર્તા :** હા. એટલે જેમ અહંકાર વધે એમ ટેપો ફરે ?

**દાદાશ્રી :** ટેપો ફરે પણ અમુક પ્રમાણમાં, બધા પ્રમાણમાં નહી.

**પ્રશ્નકર્તા :** બધા પ્રમાણમાં ના ફરે ?

**દાદાશ્રી :** અમુક પ્રકારમાં ધાર્યા પ્રમાણે લઈ જાય.

**પ્રશ્નકર્તા :** અહંકારથી લઈ જાય ?

**દાદાશ્રી :** હા, લઈ જાય.

**પ્રશ્નકર્તા :** અહંકારમાં એટલી તાકાત ખરી ?

**દાદાશ્રી :** અહંકારથી તો આ બધું ઊભું રહ્યું છે ને, ગૂંચવીને ! જેને જે જે મૂળ ટેપો છે ને, તેની સીધી રહેવા નથી દેતો ને એને ગૂંચવીને પાછી નવી ઊભી થઈ જાય. મહીં ગૂંચવાડો કરી નાખે છે.

**પ્રશ્નકર્તા :** એ એના ચાલુ વર્તનથી થાય કે એના ભાવથી, અહંકારથી થાય ?

**દાદાશ્રી :** અહંકારથી.

**પ્રશ્નકર્તા :** અહંકારથી વાણીની ટેપ બદલે, તે રીતે વર્તનની ટેપ બદલાય, અહંકારે કરીને ?

**દાદાશ્રી :** હં, આ થાય છે ને ! તેથી આ સંસાર બધો ઊભો રહ્યો છે ને ! આમાં (જ્ઞાન લીધા પછી) ફક્ત બદલાય નહીં. જેટલું છે ડિસ્ચાર્જ થવાનું એટલું જ થાય આપણને. પેલું (અહંકારીનું) બદલાઈ જાય, પણ આખું ના બદલાય, થોડાક જ પ્રમાણમાં. એનું બધું તપોબળ હોય એટલું બદલાય.

**પ્રશ્નકર્તા :** તપોબળ એટલે શું, દાદા ?

**દાદાશ્રી :** તપોબળ એટલે એની સિન્સિયારિટી. પોતાના જાત પર સિન્સિયારિટી હોય. હા, જાતે ઈનસિન્સિયર હોય તેને કશું ના વળે.

**પ્રશ્નકર્તા :** એવો અહંકાર આવ્યો કે મને આ કરવું જ છે બસ, તો પછી બદલાય ?

**દાદાશ્રી :** સિન્સિયરલી કરે તો કાઢી નાખે, બધું બદલી નાખે. પણ અહંકારે બદલેલું એના બીજ રહે છે. ફરી ફૂટી નીકળે છે, એટલે બધું મુશ્કેલી થઈ. બીજ રહે છે એનું અને નિરહંકારે કરેલું બીજ ઊડી જાય છે.

## રક્ષણ કરવાથી, તૂટે સિન્સિયારિટી

એવું છે ને, વાણી બોલે તેનો વાંધો નથી. એ તો કોડવર્ડ છે તે ફાટે ને બોલ્યા કરે, પણ તેની પાછળ આપણું રક્ષણ ના હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** હા, રક્ષણ ના હોવું જોઈએ, એનો અર્થ એવો કહો છો કે અમે સાચા છીએ, એવી ભાવના ના હોવી જોઈએ.

**દાદાશ્રી :** એ રક્ષણ, એનું નામ જ રક્ષણ કહેવાય છે. અમે સાચા છીએ, એને રક્ષણ જ કહેવાય છે. એટલે રક્ષણ ના હોય તો કશુંય નહીં. ગોળા બધા ફૂટી જાય, અને કોઈને વાગતાય નથી બહુ. રક્ષણને લીધે બહુ વાગે છે. રક્ષણ વગરની વાણીની લોકોને વાગ્યાની પડી નથી.

**પ્રશ્નકર્તા :** એટલે અમે જ્યારે વાણી બોલીએ છીએ, ત્યારે અમે સાચા છીએ, એ અમારું એટલું બધું કન્ફર્મડ (પાકું) હોય છે, કે એનાથી અમે જુદા પડીએ અને એ સંપૂર્ણ કરેક્ટ (સાચા) નથી, એ ખ્યાલ રાખવો પડશે.

**દાદાશ્રી :** બિલકુલ કરેક્ટ નથી કરીને આગળ ચાલવા દેવું. આ તો ઘણા ફેરો લોકોને કહું છું કે 'ભઈ, મને તો કશું આવડતું નથી' એમ કરીને પછી ચાલવા દેવું. 'આવડતું નથી' કહીએ એટલે બધા શું થઈ જાય ? સામાવળિયો કોઈ થાય ?

**પ્રશ્નકર્તા :** ના થાય. પણ હજુ થોડી ગૂંચ રહે છે, કે આમેય આવડતું તો કંઈ નથી પણ પછી બે પોઝિશન (સ્થિતિ) આવે છે. એક, ઘરના મુખ્ય માણસ હો અથવા કારખાનાના મુખ્ય માણસ હો, અને અમે એવું જો ઢીલું બોલી દઈએ તો અમને એક એવો ડર લાગે છે કે આ છોકરું ચઢી વાગશે અથવા વર્કર્સ (કામદારો) ચડી વાગશે. એટલે ઢીલું નથી બોલી શકતા. અને જો ઢીલું નથી બોલતા, તો એની જોડે પેલું અહંકારવાળું વાક્ય આવી જ જાય છે.

**દાદાશ્રી :** હા, વાક્ય આવી જાય. તે પાછો અહંકાર, અહંકારની બહુ જરૂર જ નથી. અહંકાર તો નુકસાન જ કરે છે, બધી બાબતમાં. એ જે આમ દબડાવી-કરીને આપણે કામ કરાવવા જઈએ છીએ ને, તો એ બધા સમજે છે કે આ આવ્યા છે ત્યાં સુધી, અહીં છે ત્યાં સુધી આપણે બધું કામ ખૂબ કરવું. પણ એ જાય એટલે ચાલ્યું પાછું ઊંધું. અને જે સિન્સિયર છે, જ્યાં અહંકાર નથી, તે સિન્સિયર કાયમ. મોરાલિટી હોય તે સિન્સિયર હોય જ.

## પોઝિટિવ ઉપાય કરો, નેગેટિવ નહીં

આપણો અહંકાર ના હોવો જોઈએ. અહંકાર બધાને ખૂંચે છે. એક આવડું છોકરું હોય તેને જરાક, 'હટ અક્કલ વગરનો, મૂરખ, ગધેડો' આમતેમ કશું બોલો ને, (તો શું અસર થાય ?) અને 'બાબા, તું બહુ ડાહ્યો છું', કહે તો, તરત આવે.

**પ્રશ્નકર્તા :** એને' બહુ ડાહ્યો' કહે તો બગડે, એવી ઉપલા પોઝિશનવાળા બધા માણસોને એક જાતની માન્યતાની ગ્રંથિ છે.

**દાદાશ્રી :** હા, ખરી વાત કરો છો. અને 'મૂરખ' કહીએ તોય બગડી જાય ! 'બહુ ડાહ્યા' કહેશો તોય બગડે. કારણ કે એ એના અહંકારને એન્કરેજમેન્ટ (પ્રોત્સાહન) મળી ગયું. અને 'મૂરખ' કહો તો સાયકોલોજીકલ ઈફેક્ટ (માનસિક અસર) અવળી પડે. ડાહ્યા માણસને પચ્ચીસ-પચાસ વખત 'ગાંડો' કહો, તો એના મનમાં એનો વહેમ પડે કે 'સાલું, ગાંડો હોઈશ કે શું ?' એમ કરતો કરતો ગાંડો થાય.

એટલે હું ગાંડાનેય કહું છું કે તારા જેવો કોઈ ડાહ્યો નથી, એમતેમ કરીને હેંડો. જગતમાં પોઝિટિવ લો, નેગેટિવ તરફ ચાલશો નહીં. પોઝિટિવનો ઉપાય થશે. અને હું જે 'ડાહ્યો' કહું છું ને કો'કને, એટલી એન્કરેજ કરવાની, મારામાં શક્તિ છે, તો કદિક ઉતારવા થાપોટ પણ મારી દઉં છું. એ તમને થાપોટ મારતા નહીં આવડે.

**પ્રશ્નકર્તા :** હા પણ એ અમે નહીં શીખીએ તો અમારું ચાલશે કેમ ?

**દાદાશ્રી :** ના, પણ એમ નહીં. તે પણ તમારે મારું જોવું જોઈએ. જ્યારે વધું પડતો એનો અહંકાર ચગ્યો, તે હું થાપોટ મારું નહીં તો તો એ અવળે રસ્તે ચાલે અને એન્કરેજમેન્ટ ના કરીએ તો વધે નહીં.

## અહંકારનું રક્ષણ કરવા જેવું નથી

**પ્રશ્નકર્તા :** તમારે તો એવું છે કે તમે નિરહંકારી છો એટલે તમારે સામાના એકલાના અહંકારને હેન્ડલ (સંભાળવાનો) કરવાનો. અમારે છે તે એક ધડાકે બેને હેન્ડલ કરવા પડે છે. અમારો પોતાનો અહંકાર, એ પોઝિટિવ-નેગેટિવ કરે અને સામાનો અહંકાર, એને પોઝિટિવ ને નેગેટિવ

ચલાવવાનો. એટલે અમારે ભાગ પ્રોબ્લેમ (મુશ્કેલી) ડબલ છે.

**દાદાશ્રી :** અહંકાર નુકસાનકર્તા છે એવું જાણી લો ને, ત્યારથી બધું કામ સરળ હોય. રક્ષણ કરવા જેવી ચીજ નથી એ. એ અહંકાર પોતે જ રક્ષણ કરી લે એવો છે. આપણે અહંકારને રક્ષણ આપવા-કરવાની જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** ઘર અને ઑફિસ, કારખાના બધામાં ડિસ્કશન (ચર્ચા) તો ચાલે ને ! હવે ડિસ્કશનમાં દરેક માણસને પોતાનો વ્યૂ પોઈન્ટ (દૃષ્ટિબિંદુ) હોય છે ને બહુ સ્ટ્રોંગ (ભારે) વ્યૂ પોઈન્ટ હોય છે.

**દાદાશ્રી :** ડિસ્કશન શેમાં પણ, સંસારમાં જ ને ?

**પ્રશ્નકર્તા :** પણ અમારે બધું ઠસાયેલું સંસારમાં છે ને ! એમાંથી નીકળવું છે અમારે. એ પ્રોબ્લેમ અમારા વ્યવહારનો છે ને !

**દાદાશ્રી :** બધા પ્રોબ્લેમ એવા છે ને કે તમે જો લેવલમાં ના રહ્યા, એટલા તમારે પ્રોબ્લેમ બધા ઊભા રહ્યા. બાકી આ આપણી પાંચ આજ્ઞા છે ને, એ આજ્ઞા દરેક પ્રોબ્લેમને એડજસ્ટ થાય એવી છે. છતાંય પણ હવે તમને એ રસ્તો અનુકૂળ ના આવ્યો તો બીજા રસ્તા તો આપણે જાણવા જ જોઈએ.

## જાગૃત રહો વ્યવહારમાં

વ્યવહારનો અર્થ શું ? આપીને લો, અગર લઈને આપો, એનું નામ વ્યવહાર.

વ્યવહાર એટલે આપીને લ્યો. અમારો વ્યવહાર એવો નથી. હું આપતો નથી ને હું લેતોય નથી. અને મને કોઈ આપતુંય નથી. હું મારા વ્યવહાર પ્રમાણ બધે વર્તું છું. હવે વ્યવહાર એવો બદલો કે આપીને લેવાનું છે. જો પોસાતું હોય તો આપો. પાછું આપવા આવે, તે ઘડીએ પોસાણ થતું હોય તો આપો.

આપણે વાવમાં જઈને કહીએ કે 'તું બદમાશ છે.' ત્યારે એ તમને કહે, 'તું બદમાશ છે.' તો આપણને ના ગમતું હોય તો આપણે કહીએ, 'તું રાજા છે.' ત્યારે એ કહે, 'તું રાજા છે.' તો આપણને ગમ્યું. આપણે કહીએ, 'તું ચૌદ લોકનો નાથ છું.' તો આપણને કહેશે, 'તું ચૌદ લોકનો નાથ છું.' બસ આપણને જે ગમે એ બોલો, પ્રોજેક્ટ કરો. પ્રોજેક્ટ એવું કરો કે તમને ગમે એવો હિસાબ ગોઠવો. આ બધું તમારું જ પ્રોજેક્શન (ચિતરામણ) છે.

## ઉપરાણું લે ત્યાં ના હોય સિન્સિયારિટી

તારામાં સિન્સિયરનો ગુણ છે ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા. ઉપર એવું દેખાય કે અમે બહુ સિન્સિયર છીએ.

**દાદાશ્રી :** એ દેખાય પણ હજુ ઉપરાણું લો છો.

**પ્રશ્નકર્તા :** એ ઉપરાણું લીધું ?

**દાદાશ્રી :** હા, ઉપરાણું લો છો. ઉપરાણું લે છે એટલું જ જાણીએ. એ ઢાંકીને બોલે છે.

**પ્રશ્નકર્તા :** એટલે કઈ બાબતમાં સિન્સિયર ગુણ નહીં હોય?

**દાદાશ્રી :** કોઈ બાબતમાં સિન્સિયર છે જ નહીં. આ તો ઢાંકે છે, જ્યાં ને ત્યાં. એ માન્યામાં ના આવે એનું કારણ કે ઉપરાણું લે છે ને !

**પ્રશ્નકર્તા :** દાદા, એમ નહીં. હું એવું સમજુ છું કે એક બાબતમાં તમે સિન્સિયર હો અને બીજામાં કદાચ ના પણ હો.

**દાદાશ્રી :** ના, એ બીજામાં ના હોય એ તમારી પ્રકૃતિના આધારે. એમાં તમારી સિન્સિયારિટી નહીં કહેવાય. બીજામાં ના હોય એટલે તમે સિન્સિયર નથી જ.

**પ્રશ્નકર્તા :** એટલે એમ કે સિન્સિયર હોય તો બધામાં જ સિન્સિયર હોય, એવું ?

**દાદાશ્રી :** સિન્સિયર રહે છે એટલે જે એકને તમે સિન્સિયર રહો છો, તે તમે બધે રહેતા નથી. એટલે સિન્સિયર નથી રહેતા, એ જ સાચું છે. સિન્સિયર રહો છો એ ખોટું છે. સિન્સિયર નથી રહેતા તેને પણ તમે એમ કહો છો ને કે હું સિન્સિયર છું ! સિન્સિયર છો, એવું તમને લાગે છે ને ? શેમાં ? અમુક બાબતમાં સિન્સિયર છો ?

**પ્રશ્નકર્તા :** દરેકમાં સિન્સિયર ના હોઈ શકે, તમારી જે ગમતી વસ્તુ હોય એમાં...

**દાદાશ્રી :** એટલે પછી સિન્સિયર નથી, એય છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, એ છે.

**દાદાશ્રી :** એટલે તમે સિન્સિયર નથી જ.

**પ્રશ્નકર્તા :** અચ્છા, અચ્છા.

**દાદાશ્રી :** એટલે એને એમ લાગતું હતું કે હું સિન્સિયર જ છું. કાલે વાત કરી ત્યારથી સમજી ગયા કે હું સિન્સિયર નથી બિલકુલેય. જે પોતાનું ઉપરાણું લે ઈનસિન્સિયર હોય છતાંય, એનામાં સિન્સિયારિટી નથી. અને દોષ હોય ને, તે એનું મન પાછું પડી જાય. એટલે એ સિન્સિયર છે. પોતાના દોષ દેખાય તે પહેલા એનું મન પાછું પડી જાય, એ ઢીલો થઈ જાય. અને આ તો ઢીલા થાય નહીં ને ! થોડું સમજાય છે ?

## દોષને સ્વીકારે એ સિન્સિયર

**પ્રશ્નકર્તા :** હા, સમજણ પડી. દોષ હોય અને દોષ બતાવીએ તો એ દોષને સ્વીકારી અને ઢીલો પડે એ સિન્સિયર. એટલે દરેક વખતે, જ્યારે જ્યારે પણ દોષ હોય, ક્યાંય પણ હોય, એને સ્વીકારી લઈએ તો તમે પૂર્ણ સિન્સિયર છો એવું કહેવાય ? કોઈ એકાદ વખત પણ દોષનું ઉપરાણું લીધું તો સિન્સિયર નથી.

**દાદાશ્રી :** નથી.

**પ્રશ્નકર્તા :** એટલે પોતાનું જ કહેવાનું છે, કે આ દોષ છે મારામાં. પોતાનું જ કહી દેવાનું છે.

**દાદાશ્રી :** પોતે ઈનસિન્સિયર છે એવું માને તો આગળ વધશે, ઉપરાણું લે છે માટે. ઉપરાણું લીધેલું મંગળીનું ?

**પ્રશ્નકર્તા :** હા, લીધેલું ને !

**દાદાશ્રી :** તે વખતે આપણે શુદ્ધાત્મા નથી. જો મંગળીનું ઉપરાણું લો છો તો તમે શુદ્ધાત્મા નથી.

**પ્રશ્નકર્તા :** એટલે મંગળીનું ઉપરાણું બિલકુલ લેવાનું જ નહીં ?

**દાદાશ્રી :** ના, તો તમે શુદ્ધાત્મા નથી. પછી હું કહું ત્યારે કહે, 'હું શુદ્ધાત્મા છું' એ તમે કપટ કરો છો ને ? કપટ નથી કરતા ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** મને 'હું શુદ્ધાત્મા છું' કહો છો અને તમે મંગળી છો નહીં અને છતાં તમે એમાં (મંગળીમાં) જ રહેવા માગો છો.

**પ્રશ્નકર્તા :** હવે મંગળીમાં રહેવા ના માગતા હોઈએ, તો કઈ રીતે કહેવું ?

**દાદાશ્રી :** રહેવા માગો જ છો તમે. રહેવા ના માગતા હો તો એ તરત સામો થઈ જાય, કઈ

રીતે તમે શુદ્ધાત્મા થયા ? એવું કહેવાય એને, કે મંગળી, હજુ તો તમે આવું કરો છો ?

**પ્રશ્નકર્તા :** હા, એટલે મંગળીની જોડે એમ કહેવાનું કે આ બધું કરો છો, એમાં શુદ્ધાત્મા શેના થયા એમ ?

**દાદાશ્રી :** નહીં, હું શુદ્ધાત્મા થયો છું પણ તમે શુદ્ધાત્મા થયા નથી. માટે તમારે આવું બોલાય નહીં, કહીએ. તમે તો કપટ કરો છો. દાદાએ કહ્યું છે એ હું શુદ્ધાત્મા થયો છું, પણ તમે કપટ કરીને ઊલટું મને ધૂળવાળો બનાવો છો.

**પ્રશ્નકર્તા :** હા, હા. એટલે મંગળીને એવું કહેવાનું.

**દાદાશ્રી :** હા, કે ભઈ, મારાથી આ ભૂલ થતી હતી. હવે તમારે ને મારે ફાવશે નહીં. અનુકૂળ નહીં રહે, કહીએ. તમે સુધરો કે બગડો એવું અમારે કહેવાનું નથી. ઉપરાણું ન લેવું તમારે. અમે મોઢે કહી દેશું કે 'તમે આમ ખોટું કરો છો.' શા માટે ઉપરાણું લો છો ? થોડું સમજાયું કે ના સમજાયું ?

### સમજીએ હકીકત, જ્ઞાનીની દૃષ્ટિએ

**પ્રશ્નકર્તા :** હા, સમજાયું, દાદા. 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' કરીને ઘોડો ચાલ્યો દોડમાં...

**દાદાશ્રી :** તું સમજી ગઈ. તું તો રાતે જ બોલતાની સાથે સમજી ગયેલી અને આખી રાત એ જ રહ્યું ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તમને સમજાયું થોડુંક કે એવું જ ?

**પ્રશ્નકર્તા :** હા, સમજાયું, દાદા, થોડું સમજાયું. હા.

**દાદાશ્રી :** થોડું થોડું સમજાય એનું શું કારણ ? હજુ ઢાંક ઢાંક કરે, ત્યારે થોડું સમજાય. થોડું સમજાયું ને, શું કરે ?

**પ્રશ્નકર્તા :** ઢાંક ઢાંક કરે.

**દાદાશ્રી :** કોઈ 'સમજાઈ ગયું પૂરું' એમ કહે તો એનું ઢાંકવાનું બંધ થઈ ગયું. એટલે પેલી મંગળીય સમજી જાય કે એ હવે તો ઢાંકતા નથી.

**પ્રશ્નકર્તા :** એટલે એટલું સમજાયું કે મંગળીનું બિલકુલ ઉપરાણું લેવાનું જ નહીં.

**દાદાશ્રી :** મંગળીની જોડે પાડોશી તરીકે સંબંધ રાખવાનો. એનું ઉપરાણું લેવાનું નહીં. જો ઉઘાડું જગજાહેર ન થાય એવું હોય, તો આપણે મંગળીને મહીં રૂમમાં બેસાડીને કહે કહે કરવું. અને એથી વધારે આગળ જાહેર થાય એવું હોય, તો ધણીને કહેવું કે 'આ મંગળી છે જ એવી.'

**પ્રશ્નકર્તા :** દાદા, મંગળીને એવી ધમકી પણ અપાય, કે 'જો બહુ ગરબડ કરીશ તો જાહેર કરી દઈશ' એમ ?

**દાદાશ્રી :** એવું કહેવાની જરૂર નહીં. એ મંગળી જ સમજી જાય, કે બહાર કહી દેશે તો મારું શું રહેશે ? એ પોતે જ ભડકી જાય.

**પ્રશ્નકર્તા :** હા, પણ બહુ કૂદાકૂદ કરતી હોય, તો એકાદ વખત જાહેર કરી દઈએ...

**દાદાશ્રી :** નહીં, કૂદાકૂદ કરે તો એટલા વખત કહે કહે જ કરવું. એટલે જાહેર કરી દેવાની જરૂર જ નહીં. એ તો સમજી જાય કે હવે સાલું ઉઘાડું કરશે.

આ શેના જેવું, દાખલો આપું. ડૉક્ટરે ના કહ્યું હોય, કે 'ચા પીશો નહીં.' છતાં મહીંથી કહે કે 'ના, પીવોને, એ તો ડૉક્ટર કહે.' પછી મેં પીધી. એ પીધી એટલે પછી ઉઘાડું ના કરું, ઢાંક ઢાંક કરું, તો પીવાયા કરે કે ના પીવાયા કરે ?

**પ્રશ્નકર્તા :** હા, પીવાય.

**દાદાશ્રી :** પણ હું કહું, 'ડૉક્ટર, તમે ના કહ્યું તોય મેં પીધી.' એટલે ડૉક્ટર ફરી કહે, 'તમે ના પીશો.' પણ એવું ઉઘાડું કરીએ એટલે આપણું મન શું સમજે મહીં, કે આ કહી દેશે. આ તો નાલાયક માણસ છે. એટલે આપણું મન છૂટું થતું જાય, ફ્રેન્ડશિપ (મિત્રતા) ઓછી થતી જાય. મારો દાખલો સમજણ પડ્યો તમને ?

**પ્રશ્નકર્તા :** હા, સમજણ પડી.

**દાદાશ્રી :** મનની જગ્યાએ મંગળી.

**પ્રશ્નકર્તા :** હા, મનની જગ્યાએ મંગળી, સમજ પડી ગઈ.

**દાદાશ્રી :** હવે તમારે સીધું છે તે ડૉક્ટરને ના કહેવી હોય મનની વાત, એટલી હિંમત ના ચાલતી હોય, તો મનને કહીએ કે 'તું ફરી આવું પીશ તો હું ડૉક્ટરને કહી દઈશ.' અને 'જો પીશ તો આમાં તારી આબરૂ નહીં રહે' કહીએ. એટલે એ સમજી જાય કે હવે જુદા થઈ ગયા. હવે ફરી આમને બહુ કહેવા જેવું નથી.

## આજ્ઞા પાળે તો જ સિન્સિયર

**પ્રશ્નકર્તા :** 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' કરીને વિધિઓ કરાવી અને રહ્યા મંગળીમાં. એ કેવો કેવો કેટલો દોષ કર્યો, કેટલી ખોટ ખાધી ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** હંમેશા વિધિઓ કરાવી, કાયમ વિધિઓ કરાવી કે 'હું શુદ્ધાત્મા છું.'

**દાદાશ્રી :** એ શુદ્ધાત્મા બાજુ વળ્યા નહીં. ઉપરાણા બીજી જગ્યાએ (મંગળીના) લીધા.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, જો હું એમ કહું 'હું શુદ્ધાત્મા છું' તો મારે શુદ્ધાત્માનું જ રક્ષણ કરવાનું.

**દાદાશ્રી :** હા, હવે સાચું.

**પ્રશ્નકર્તા :** કારણ કે જો હું શુદ્ધાત્મા છું અને મંગળીનું રક્ષણ કરું છું, તો તો હું ક્યાંયની ન રહી, એ કપટ.

**દાદાશ્રી :** આ જ બધું કહેવાનું છે, કે જ્યારે-ત્યારે આવું બોલો છો, પણ દગો મને કરો છો કેમ ?

**પ્રશ્નકર્તા :** હા, અને શુદ્ધાત્મા છું, તો પાંચ આજ્ઞા પાળું તો જ એનું રક્ષણ થાય, શુદ્ધાત્માનું.

**દાદાશ્રી :** તો જ થાય, તો એ સિન્સિયર કહેવાય.

**પ્રશ્નકર્તા :** હવે બરાબર સમજ પડી ગઈ કે હું જે બોલું છું, એનું જ મારે રક્ષણ કરવાનું છે. જો મને દાદાએ શુદ્ધાત્મા કરી, તો મારે શુદ્ધાત્માનું જ રક્ષણ કરવાનું છે. જો હું મંગળીનું રક્ષણ કરું, તો હું મનેય દગો આપું છું અને દાદાનેય દગો આપું છું.

**દાદાશ્રી :** હા.. મારે તો, તું પાંચ આજ્ઞા પાળું એ જ સિન્સિયારિટી, આટલું જ કહેવા માગીએ છીએ.

જે પોતાના જ પક્ષને સિન્સિયર નથી, તે બીજા પક્ષનું શું ધોળે ?

જ્ઞાનીપુરુષ પાસે એમની આજ્ઞાનું આરાધન કરવું એ જ માત્ર એક ઉપાય છે, બીજો ઉપાય જ નથી. જેનું મંડન કર્યું તેનું ખંડન ના કરે તેનું નામ આરાધક વૃત્તિ. જેનું મંડન કર્યું તેનું ખંડન ના કરવું એ સિન્સિયારિટીથી મોક્ષ.

## નિશ્ચય તો સિન્સિયરલી આજ્ઞા પાળવાનો

આમ 'હું શુદ્ધાત્મા, શુદ્ધાત્મા' તો અહીં

બોલો છો અને ભાંજગડ પડે ત્યારે તું ચંદુનું ઉપરાણું લઉં છું. ખરેખર શું છું ?

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા.

**દાદાશ્રી :** અને ઉપરાણું કોનું લઉં છું ?

**પ્રશ્નકર્તા :** ચંદુનું. ચંદુનો પક્ષ લીધો.

**દાદાશ્રી :** સમજાયું, ઉપરાણું લઈએ કે ના લઈએ ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** સાત વખત ગાડીમાં બેસાડે અને ઉતારે તને, તે ઘડીએ મોઢું ઉતરેલી કઢી જેવું થઈ જાય ! ચેતવું તો પડશે ને ? પછી અમે શું કરીએ ? ચેતવીએ. ભાઈ ચેતો, ચેતો ; બિવેર, બિવેર.

**પ્રશ્નકર્તા :** જરૂર દાદા, આ બધું સમજવાની ખૂબ જ જરૂર.

**દાદાશ્રી :** દાદાની પાંચ આજ્ઞામાં રહેવું, જેટલું રહેવાય એટલું. ઓછું રહેવાય તો પ્રતિક્રમણ કરવું, કે 'દાદા, આ સંજોગોને લીધે બરાબર રહેવાતું નથી.' એટલે પછી દાદા પૂછે કે કેટલી આજ્ઞામાં રહો છો ? તો કહે, 'સાહેબ, બધી.' કેમ કરીને બધી ? ત્યારે કહે, 'જેટલી રહેવાય એટલું રહું છું અને ના રહેવાય એનું પ્રતિક્રમણ કરું છું, પછી હવે રહ્યું શું મારી પાસે ?'

હા, મને જવાબ આપજો. ભલે આવું ઉદ્ધત ગણાતો હોય, પણ જવાબ મને આપજો. કારણ મારું શીખવાડેલું છે.

પણ જાણીજોઈને મહીં લીલા ના કરશો. તમે સહજભાવે, સિન્સિયરલી બધું કરજો. ના રહેવાય તેનો વાંધો નથી, ના રહેવાય તો પ્રતિક્રમણ કરવું.

## આજ્ઞાથી થાય પ્રગતિ ઝડપી

**પ્રશ્નકર્તા :** આપણે જ્ઞાન પામ્યા પછી જે આપણી પ્રગતિ થાય મહાત્માઓની, તે પ્રગતિની સ્પીડ (ઝડપ) શેની ઉપર આધાર રાખે છે ? શું કરે તો ઝડપી પ્રગતિ થાય ?

**દાદાશ્રી :** પાંચ આજ્ઞા પાળે તો બધું ઝડપી ને પાંચ આજ્ઞા જ એનું કારણ છે. પાંચ આજ્ઞા પાળે એટલે આવરણ તૂટતું જાય ને શક્તિઓ પ્રગટ થતી જાય. તે અવ્યક્ત શક્તિ છે, એ વ્યક્ત થતી જાય. પાંચ આજ્ઞા પાળવાથી ઐશ્વર્ય વ્યક્ત થાય. બધી જાત જાતની શક્તિઓ પ્રગટ થાય. આજ્ઞા પાળવા ઉપર આધાર છે.

અમારી આજ્ઞાને સિન્સિયર રહેવું એ તો મોટામાં મોટો ગુણ કહેવાય. અમારી આજ્ઞાથી જે અબુધ થયો તે અમારા જેવો જ થઈ જાય ને ! પણ જ્યાં સુધી આજ્ઞા સેવે છે, ત્યાં સુધી આજ્ઞામાં ફેરફાર ના થવો જોઈએ. તો પછી વાંધો ના આવે.

આપણા આ જ્ઞાનને બાર મહિના સિન્સિયર રહે, એટલે બધી નબળાઈઓ જતી રહે.

## આજ્ઞા સિન્સિયરલી પાળી, કામ કાઢી લો

જો મહીં ક્લિયરનેસ (સ્પષ્ટતા) હોય તો અમારું એક વાક્ય આખી જિંદગી સુધી ના ભૂલાય તેવું વચનબળવાળું હોય છે.

**પ્રશ્નકર્તા :** ક્લિયરનેસ એટલે કેવું હોવું જોઈએ?

**દાદાશ્રી :** ક્લિયરનેસ એટલે સિન્સિયારિટી. અહીં સત્સંગમાં બેઠા હોય, ત્યારે બીજા વિચારો ના આવવા જોઈએ.

**પ્રશ્નકર્તા :** આ બધું સાંભળવા જ અહીંયા મળ્યું દાદા, 'સિન્સિયારિટી અને મોરાલિટી.' એનો બધો અર્થ અહીંયા જ સાંભળવા મળ્યો.

**દાદાશ્રી :** હા, સિન્સિયારિટી અને મોરાલિટી એ મોક્ષનું કારણ છે. આ જ્ઞાન લીધા પછી બેઉ ગુણ સંપૂર્ણ ઉત્પન્ન થાય એવા છે. 'સિન્સિયારિટી' ને 'મોરાલિટી' બે જ શબ્દ સંપૂર્ણ શીખી લાવ તો બધું જ કમ્પ્લીટ (પૂરું) થઈ ગયું !

## સ્વરૂપ લક્ષ વિના ના ખપે કશું

આપણને હવે જ્ઞાનની બહાર બીજું કશું જોઈએ નહીં અને ચંદુને, જે પૌદ્ગલિક છે બધો માલ, તે ચંદુના વ્યવસ્થિતમાં જે હો એ ભલે હો. આપણે કશું જોઈએ નહીં. આ જગતમાં કોઈ ચીજ મને ખપતી નથી. પણ મને એટલે કોણ, એવું નક્કી કરીને બોલવું જોઈએ. તે 'હું શુદ્ધાત્મા છું' અને ચંદુભાઈને જે ખપે છે તે ભલે હો, મને વાંધો નથી તેનો. અને બીજી ચીજ ખપે છે એ ચંદુભાઈને ખપે છે, અને પછી વધારે હોય જ નહીં ને ! વ્યવસ્થિતમાં જે હોય તે ખરું, ના હોય તો નહીં. કારણ કે એ વ્યવસ્થિત જ છે એક્ઝેક્ટ. એનો વાંધો નથી તમારે. મહીં ચંદુભાઈ વિચાર કરી શકે છે, તે વિચાર કરે તોય વાંધો નહીં રાખવાનો. પણ ખપતી નથી એવો જો ભાવ હશે ને, એ સિન્સિયારિટી, તો કોઈ કર્મ ચોંટે એવું નથી. સવારમાં પાંચ વાર બોલ્યા કે 'આ જગતમાં કોઈ ચીજ મને ખપતી નથી.' મને એટલે હું શુદ્ધાત્મા. 'મને કોઈ ચીજ ખપતી નથી', એવું પાંચ વખત બોલી અને એને સિન્સિયર રહે, તેને કોઈ કર્મ બંધાતું નથી. ગમે એવું મહીં લોચા વળતા હોય તોયે કોઈ કર્મ બંધાતું નથી, તેની અમે ગેરેન્ટી આપીએ છીએ.

એટલે તમે જો તમારી જાતને સિન્સિયર રહો, તો કોઈ વાંધો ના આવે એવું આ વિજ્ઞાન છે ! કેવળજ્ઞાન સ્વરૂપી વિજ્ઞાન છે. તમે સિન્સિયર રહો એટલે પછી તમને કશું અડતું જ નથી. હવે એમાં કંઈ બહુ અઘરું નથી વસ્તુ. રોજ સવારમાં પાંચ વખત બોલીને સિન્સિયર રહેવાનું.

જે પોતાની જાતને સિન્સિયર રહે, તે જ્ઞાની મળે કે ના મળે તો પણ પરમાત્મા થઈ જાય ! સિન્સિયર એટલે કોઈ પણ સંજોગોમાં પોતાના ધ્યેયની વિરુદ્ધ ક્યારેય પણ ના ચાલે.

## સમજણથી ચઢાય પ્રગતિના સોપાન

આ માર્ગ સરળ છે, બહુ સરળ છે, પણ હવે જેટલું તમે ગોઠવશો એટલું. અને કો'કને છે તે મહીં સ્વાદની કોઈ જાતની આકાંક્ષા રહી જતી હોય, તો મને કહેવું, એમાં વાંધો નહીં. મને આવીને ખાનગીમાં કહેવું કે મને આવું મહીં રહી જાય છે કશું. કશું ખપતું નથી એ વાત તો નક્કી છે પણ મહીં થોડુંક ખપે એવી કંઈક જરાક ગૂંચ રહે છે, એવું મને કહે, તો હું એનો રસ્તો કરી આપું.

બરોબર છે ને ? સિન્સિયારિટીથી રહેવાય એવું છે ને ? બસ. તો પછી શું વાંધો ?

એનાથી જરાક જરાક કાચું રહેતું હોય તો મને ખાનગીમાં આવીને કહે, વાંધો શું છે એમાં ? આટલી દવા કરી ત્યારે એક શીશી વધારાની. દવાખાનામાં દવા બધી છે આપણી પાસે, પણ તે કહેવું જોઈએ ને ? તમને સાયન્સ સમજાઈ ગયું છે બરોબર ?

**પ્રશ્નકર્તા :** પ્રયત્ન કર્યો છે થોડો થોડો.

**દાદાશ્રી :** હા, બધું સમજવાનો, અને બીજો કશો પ્રયત્ન કરવાનો નથી. આ સમજ સમજ કર્યા કરવાનું છે. રોજ આવી આવી અને સમજવાનું, તે આપણું ફિટ થઈ જાય એટલે ઑલરાઈટ થઈ ગયું.

**- જય સચ્ચિદાનંદ**

## પાંચ આજ્ઞાની સિન્સિયારિટી કરાવે અનુભવ

**પ્રશ્નકર્તા :** એ આત્માના પ્રકાશનો અનુભવ કઈ રીતે થાય ?

**દાદાશ્રી :** એ તો તમે આ જ્ઞાન લો અને જો દાદાને સિન્સિયર રહો, તમે પાંચ આજ્ઞા પાળો તો તમને પ્રકાશનો અનુભવ રોજેરોજ થાય પણ સિન્સિયર રહે તો. (આ) પાંચ આજ્ઞા એમની પાળો અને સહેલી છે પાંચ આજ્ઞા, પછી તમને રોજ અનુભવ થાય. સાકર મોઢામાં મૂકે એટલે એનું વર્ણન ના કરી શકે પણ સ્વાદ તો સમજાય કે ભાઈ, આવો છે. જેમ એ અનુભવ સ્વરૂપ છે એવું આ આત્મા અનુભવ સ્વરૂપ છે. એ બીજી વસ્તુ નથી છતાંય જ્ઞાનીઓ એને સર્વાંશ રીતે જાણી શકે. હવે અનુભવ થયા પછી જાણવાનો પ્રયોગ શરૂ થાય છે. પહેલું તો અનુભવ થવો જોઈએ. અનુભવ થાય એટલે એકાગ્ર થઈ ગયો, ત્યાં આગળ ફિટ થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કહ્યું કે જ્ઞાનીઓ જાણી શકે, તે આત્માને જ્ઞાનીઓ જોઈ શકે ?

**દાદાશ્રી :** આત્મા ઈન્દ્રિયગમ્ય નથી, (અનુભવગમ્ય છે.) એ પોતે પોતાનાથી જુદી વસ્તુ હોય તો જોઈ શકે, પોતે પોતાને તો શી રીતે જોઈ શકે ? અનુભવગમ્ય છે. (એટલે) એનું પદ જ જ્ઞાતા-દ્રષ્ટા.

**પ્રશ્નકર્તા :** દાદા, આપ કહો છો, ભગવાન અંદર પ્રગટ થઈ ગયા છે, તો એ 'પ્રગટ થવું' એટલે શું ?

**દાદાશ્રી :** પ્રત્યક્ષ અનુભવ. પરોક્ષ અનુભવ થાય વખતે, પણ આ તો પ્રત્યક્ષ અનુભવ.

**પ્રશ્નકર્તા :** પ્રત્યક્ષ ?

**દાદાશ્રી :** હં, આત્માનો પ્રત્યક્ષ અનુભવ, અપરોક્ષ અનુભૂતિ.

**પ્રશ્નકર્તા :** આત્માના પરોક્ષ અને અપરોક્ષ દર્શન કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** આત્માના અપરોક્ષ દર્શન તમે કર્યા છે પણ તેનો ખ્યાલ રહેતો નથીને ! અહીંયા સત્સંગમાં આવો તો એ વાત સમજાય તમને.

**પ્રશ્નકર્તા :** પણ પોતાના આત્મસ્વરૂપના બીજા અનુભવ જે થવા જોઈએ તે નથી થતા. બુદ્ધિને સમજમાં આવે છે પણ અનુભવ નથી થતો.

**દાદાશ્રી :** એ જ અનુભવ, આ બધું જાણ્યા-જોયા કરવું એનું નામ અનુભવ કહેવાય. બીજો અનુભવ ના કહેવાય. મનમાં વિચાર ખરાબ આવે, સારા વિચાર આવે તે જ્ઞેય છે અને આપણે જ્ઞાતા છીએ. એ બધા જોયા કરવા, એનું નામ અનુભવ કહેવાય. પછી જેમ જેમ ધીમે ધીમે અનુભવ આ બધો આગળ જતો જાય, તેમ તેમ ખુલ્લો અનુભવ થતો જાય. પ્રગટ અનુભવ, અત્યારે આ પરોક્ષ અનુભવ થાય. (પહેલા) પરોક્ષ અનુભવ થાય, પછી અપરોક્ષ થાય, એમ કરતા કરતા આગળ વધતું જાય.

*(પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીમાંથી સંકલિત)*

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત** ● **'दूरदर्शन' - ગુજરાત (ગિરનાર)** પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
● **'અરિહંત' ચેનલ** પર દરરોજ સવારે ૩ થી ૩-૩૦ અને સાંજે ૫ થી ૫-૩૦
● **'दूरदर्शन'-मध्यप्रदेश** पर सोम से शनि, दोपहर 3-30 से 4; रवि, शाम 6 से 6-30 (हिन्दी में)

**USA -Canada** ● **'TV Asia'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST
● **'SAB US'** - પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ EST

**UK** ● **'वीनस' टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 (हिन्दी में)
● **'SAB UK'** - પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ - Western European Time (6.30am-7am GMT)
● **'Rishtey-UK'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में) Western European Time (6am-6-30am GMT)

**Singapore** ● **'SAB- International'** पर हर रोज़ सुबह 8-30 से 9 (हिन्दी में)

**Australia** ● **'SAB- International'** पर हर रोज़ सुबह 11-30 से 12 (हिन्दी में)

**New Zealand** ● **'SAB- International'** पर हर रोज़ दोपहर 1-30 से 2 (हिन्दी में)

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત** ● **'दूरदर्शन'-ગુજરાત (ગિરનાર)** પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
● **'दूरदर्शन'-ગુજરાત (ગિરનાર)** પર સોમથી શનિ બપોરે ૩-૩૦ થી ૪ (ટાટા સ્કાય-ચેનલ નં.-૧૭૪૯)
● **'અરિહંત' ચેનલ પર** દરરોજ રાત્રે ૮ થી ૯
● **'दूरदर्शन'-नेशनल** पर सोम से शनि, सुबह 8-30 से 9 ; रवि, सुबह 6-30 से 7 (हिन्दी में)
● **'दूरदर्शन'-बिहार** पर हर रोज़ सुबह 7 से 7-30 तथा शनि से गुरु शाम 6-30 से 7, शुक्र शाम 5 से 5-30 (हिन्दी में)
● **'दूरदर्शन'-उत्तरप्रदेश** पर सोम से शनि रात 8-30 से 9 (हिन्दी में)
● **'उड़ीसा प्लस'** टीवी पर सोम से शुक्र सुबह 7-30 से 8 (हिन्दी में)
● **'दूरदर्शन'-चंदना** पर सोम से शुक्र शाम 7-30 से 8 (कन्नड़ में)
● **'दूरदर्शन'-सह्याद्रि** पर हर रोज़ सुबह 7 से 7-30 (मराठी में)

**USA -Canada** ● **'Rishtey-USA'** पर हर रोज़ सुबह 7-30 से 8 (हिन्दी में) EST

**UK** ● **'વીનસ' ટીવી** પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ (ગુજરાતીમાં)

**CAN-Fiji-NZ-Sing.-SA-UAE** ● **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 7 से 7-30 (हिन्दी में)

**USA-UK-Africa-Aus.** ● **'આસ્થા'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)

---

## પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતીમાં સેવા માટે આમંત્રણ

પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતીમાં સેવા આપવા માટેના 'સેવાર્થી રજિસ્ટ્રેશન' ફોર્મ નીચે આપેલી લીંક પર ઉપલબ્ધ છે. લીંક પર ક્લિક કરતાં ઓનલાઈન ફોર્મ પેજ ખુલશે અને મહાત્માઓ સેવા માટે રજિસ્ટ્રેશન કરી શકશે. ઓનલાઈન ફોર્મ ભરતા પહેલા લીંક પર આપેલી સૂચનાઓ વાંચી લેવા વિનંતી છે. આ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૫ મે ૨૦૧૮ છે.

સેવાર્થી રજિસ્ટ્રેશન ઓનલાઈન ફોર્મ લીંક : seva.dadabhagwan.org

વધુ માહિતી માટે સેવા આપવા ઈચ્છતા મહાત્માઓ પોતાના સેન્ટર કોર્ડીનેટરનો સંપર્ક કરે અને જ્યાં સેન્ટર નથી તેઓ ૯૯૨૪૩૪૮૮૮૦ પર સંપર્ક કરી માહિતી મેળવી શકશે.

## સુરત

**૧૯ મે** (શનિ) - રાત્રે ૮ થી ૧૧ - **સત્સંગ** (**ટોપિક** - વાણીની વઢવાડો વાળવી સમજણથી)

**૨૦ મે** (રવિ) - સાંજે ૭-૩૦ થી ૧૧ - **જ્ઞાનવિધિ**

**૨૧ મે** (સોમ) - રાત્રે ૮ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ** **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૦૦૭

**સ્થળ** : શ્રી આત્માનંદ સરસ્વતી વિદ્યા સંકુલ (ધારૂકા કોલેજ), કાપોદ્રા પોલીસ સ્ટેશનની સામે, વરાછા રોડ.

## વાપી

**૨૧ ને ૨૩ મે** (સોમ ને બુધ) - રાત્રે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૨૨ મે** (મંગળ) - સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ** : VIA ગ્રાઉન્ડ, GIDC ચાર રસ્તા, વાપી, જિ. - વલસાડ (ગુજરાત). **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૨૪૫

## પટના

**૯ જૂન** (શનિ) - સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ**

**૧૦ જૂન** (રવિ) - સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ** : રવિન્દ્ર ભવન, વીરચંદ પટેલ પથ, પટના સર્કિટ હાઉસ સામે, પટના. **સંપર્ક :** ૭૩૫૨૭૨૩૧૩૨

**૧૧ જૂન** (સોમ) - સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ** : ભારતીય મંડપમ (સિંહા હોલ), વિદ્યા પાટી ભવનની પાછળ, વિદ્યા પાટી માર્ગ, પટના.

## વારાણસી

**૧૨ જૂન** (મંગળ) - સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ**

**૧૩ જૂન** (બુધ) - સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ** : શ્રી નાગરી નાટક મંડલી, કબીર ચૌરા ચોક, વારાણસી. **સંપર્ક :** ૭૯૦૫૭૯૪૨૫૦

**૧૪ જૂન** (ગુરુ) - સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ** : ગાંધી અધ્યયન પીઠ, ગેટ નં-૩, ઇંગ્લિશયા લાઇન ક્રોસીંગ, વારાણસી.

## દિલ્લી

**૧૬ જૂન** (શનિ) - સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ**

**૧૭ જૂન** (રવિ) - સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ** : તાલકટોરા ઈન્ડોર સ્ટેડિયમ, નવી દિલ્લી. **સંપર્ક :** ૯૯૯૯૫૩૩૯૪૬, ૯૮૧૧૩૩૨૨૦૬

## Pujya Deepakbhai's USA Satsang Schedule 2018

Contact no. for all centers in USA : 1-877-505-DADA (3232) & email for USA - info@us.dadabhagwan.org

| Date | City | Session Title | Contact No. |
|---|---|---|---|
| 2-3 Jul | San Jose, CA | Satsang - Gnanvidhi | Extn. 1024 |
| 7-8 Jul | Dallas, TX | Satsang - Gnanvidhi | Extn. 1026 |
| 10-11 Jul | Austin, TX | Aptaputra Satsang - Gnanvidhi | Extn. 1032 |
| 12 Jul | Johnston | Aptaputra Satsang | 1-515-240-3494 |
| 18-19 Jul | Columbia, SC | Aptaputra Satsang - Gnanvidhi | Extn. 1035 |
| 23-28 Jul | Jacksonville, FL | GP Shibir | Extn. 10 |
| 27 Jul | Jacksonville, FL | GP Day | |
| 31 Jul-2Aug | Maryland/DC | Satsang - Gnanvidhi | Extn. 1010 |
| 7-8 Aug | New York, NY | Satsang - Gnanvidhi | Extn. 1021 |
| 10-11 Aug | New Jersey | Satsang - Gnanvidhi | Extn. 1020 |

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ ત્રિમંદિર

### PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર

**૯ મે** (બુધ) સાંજે ૪-૩૦ થી ૭ **પૂજ્યશ્રી સત્સંગ (પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર)**

**૯ મે** (બુધ) રાત્રે ૮-૩૦ વાગ્યાથી **પૂજ્યશ્રીના જન્મદિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૧૦ મે** (ગુરુ) સવારે ૧૦ થી ૧૨-૩૦ **પારાયણ (મા-બાપ છોકરાનો વ્યવહાર)** (પેજ-૧૧ થી વાંચન-સત્સંગ)

**૧૧ મે** (શુક્ર) સવારે ૧૦ થી ૧૧-૩૦ **પૂજ્યશ્રી સત્સંગ (મા-બાપ છોકરાનો વ્યવહાર)**

**૧૧ મે** (શુક્ર) સાંજે ૫-૩૦ થી ૭ **પૂજ્યશ્રી સત્સંગ (મા-બાપ છોકરાનો વ્યવહાર)**

**૧૨ મે** (શનિ) સવારે ૧૦ થી ૧૨-૩૦ **પારાયણ (પૈસાનો વ્યવહાર)** (પેજ-૧૨ થી વાંચન-સત્સંગ)

**૧૩ મે** (રવિ) સવારે ૧૦ થી ૧૧-૩૦ **પૂજ્યશ્રી સત્સંગ (પૈસાનો વ્યવહાર)**

**૧૩ મે** (રવિ) સાંજે ૫-૩૦ થી ૭ **પૂજ્યશ્રી સત્સંગ (પૈસાનો વ્યવહાર)**

**નોંધ :** ૧) આ શિબિર જ્ઞાન લીધેલ પરિણીત મહાત્માઓ માટે રહેશે. ૨) શિબિરમાં ઉપરોક્ત સત્સંગ સિવાય આપ્તપુત્રો-આપ્તપુત્રીઓ દ્વારા ગ્રુપ સત્સંગ, સ્પેશ્યલ PMHT સીડી, ભક્તિ તથા અન્ય કાર્યક્રમો રહેશે. ૩) શિબિરમાં ભાગ લેવા માટે પોતાના સેન્ટર પર અને જ્યાં સેન્ટર ના હોય એમણે અડાલજ ત્રિમંદિર ખાતે ૦૭૯-૩૯૮૩૦૪૦૦ નં. પર રજિસ્ટ્રેશન કરાવવું જરૂરીછે, મહાત્માઓ Akonnect દ્વારા રજિસ્ટ્રેશન કરે એવી વિનંતિ છે.

### સેવાર્થી શિબિર

**૧-૩ જૂન** (શુક્રથી રવિ) - **સવારે વિવિધ પ્રવૃત્તિઓ,** સાંજે ૪-૩૦ થી ૭ - **પૂજ્યશ્રીનો સત્સંગ**

**નોંધ :** આ શિબિરમાં પોતાના લોકલ સેન્ટરમાં વર્ષ દરમ્યાન નિયમિત સેવા આપી હોય અથવા પ્રાણપ્રતિષ્ઠા, જન્મ જયંતી જેવા મોટા કાર્યક્રમોમાં સેવા આપી હોય એવા મહાત્માઓ ભાગ લઈ શકશે. શિબિર માટેના રજિસ્ટ્રેશનની વિગત નજીકના દિવસોમાં પોતના સેન્ટર પર ને Akonnect દ્વારા જણાવવામાં આવશે.

**૮ જુલાઈ** (રવિ) - **પૂજ્ય નીરુમાના ૫૦મા જ્ઞાનદિવસની આખા વિશ્વના દરેક સેન્ટરોમાં ઉજવણી**

**૨૬ ઓગષ્ટ** (રવિ) - **રક્ષાબંધન નિમિત્તે પૂજ્યશ્રીની હાજરીમાં વિશેષ કાર્યક્રમ**

**૧ સપ્ટેમ્બર** (શનિ) સાંજે ૪ થી ૭ - **સત્સંગ**

**૨ સપ્ટેમ્બર** (રવિ) સવારે ૧૦ થી ૧૨ - **આપ્તપુત્ર સત્સંગ (નવા મુમુક્ષુઓ માટે)**

**૨ સપ્ટેમ્બર** (રવિ) બપોરે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૩ સપ્ટેમ્બર** (સોમ), રાત્રે ૧૦ થી ૧૨ - **જન્માષ્ટમી નિમિત્તે વિશેષ ભક્તિ કાર્યક્રમ**

**૫ સપ્ટેમ્બર** (બુધ) - સવારે ૯ વાગ્યાથી **દર્શનનો વિશેષ કાર્યક્રમ**

**૬** થી **૧૩ સપ્ટેમ્બર - પર્યુષણ પર્વ - આપ્તવાણી-૧૩ (પૂ.)** ગ્રંથ પર **સત્સંગ પારાયણ**

---

### દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345#. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ:** ૯૯૨૪૩૪૫૫૮૮; **અંજાર:** ૯૯૨૪૩૪૬૬૨૨ **ગોધરા:** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી:** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર:** ૯૭૩૭૦૪૮૩૨૨, **અમરેલી:** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧

**U.S.A.-Canada:** +1 877-505-DADA(3232); **U.K.:** +44 330-111-DADA(3232); **Australia :** +61 421127947

મે ૨૦૧૮
વર્ષ-૨૩, અંક-૯
સળંગ અંક-૨૭૩

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/037/2018-20
Valid up to 31-12-2020
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## જગત જીતવા માટે ખપે સિન્સિયારિટી

સવારના પહોરમાં નક્કી કરી નાખવું કે આ 'જગતની કોઈ પણ ચીજ મને ખપતી નથી', પછી તેને સિન્સિયર રહેવું. જેટલો તું સિન્સિયર એટલી તારી જાગૃતિ. આ તને સૂત્રરૂપે અમે આપીએ છીએ. જેટલી આમાં સિન્સિયારિટી એટલું જ પોતાનું થાય અને આ સિન્સિયારિટી તો ઠેઠ મોક્ષ ભણી લઈ જાય. એક વખત તું સિન્સિયર થા. જેટલી વસ્તુને તું સિન્સિયર, એટલી એ વસ્તુ જીત્યા અને જેટલી વસ્તુને અનસિન્સિયર, એટલી જીત્યા નથી. એટલે બધે સિન્સિયર થાઓ તો તમે જીતી જશો ! આ જગત જીતવાનું છે. જગત જીતશો તો મોક્ષે જવાશે. જગત જીત્યા સિવાય કોઈ મોક્ષે જવા દેશે નહીં.

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.